RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 231 Dt. 06-03-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ગુજરાત બનશે મેન્યુફેક્ચરીંગ રિવોલ્યુશન કેન્દ્ર:CM

## ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૫નો પ્રારંભ : સેમિકન્ડક્ટરની ગ્લોબલ ડિમાન્ડ સપ્લાય ચેઈનમાં મહત્વપૂર્ણ ભુમિકા

રાજકોટ, તા. ૫

ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે હવે વૈશ્વિક સ્તરે પણ ગુજરાત પોતાનું આગવું સ્થાન સુનિશ્ચિત કરી રહ્યું છે ત્યારે વડાપ્રધાન મોદી દ્વારા સેમિકન્ડક્ટર હબ બનાવવા માટેના જે પગલાઓ લેવામાં આવી રહ્યા છે તેનાથી રાજ્યનો વિકાસ પુરપાઠ આગળ વધશે.


મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, સેમિકન્ડક્ટરની ગ્લોબલ ડિમાન્ડ સપ્લાય ચેઈનનો મહત્વપૂર્ણ હિસ્સો બનવા ગુજરાત વડાપ્રધાન મોદીની વીઝનરી લીડરશીપમાં સજ્જ થઈ રહ્યુ છે. આધુનિક વિકાસના આ યુગમાં સેમિકન્ડક્ટર વગર કોઈપણ ઔદ્યોગિક વિકાસની કલ્પના કરવી અસંભવ છે. ગુજરાત ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર સાથે સંલગ્ન અનેક સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસીલીટીઝ સાથે દેશમાં સેમિકન્ડક્ટર યુનિટ્સની સ્થાપના માટે પહેલી પસંદ બન્યું છે.


મુખ્યમંત્રી રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ આયોજિત ગુજરાત સેમીકનેક્ટ કોન્ફરન્સ-૨૦૨૫ અને પ્રદર્શનીનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા.

આ ત્રિ-દિવસીય કોન્ફરન્સમાં વિવિધ દેશોના અને ભારતના મળીને ૧૫૦૦થી વધુ પ્રતિનિધિઓ, ૨૫૦થી વધુ એક્ઝીબિટર્સ સહભાગી થઈ રહ્યા છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આ કોન્ફરન્સમાં પ્રેરક ઉપસ્થિતિમાં સેમિકન્ડક્ટર અને ફેબ ક્ષેત્રમાં રોકાણો માટેના ૮ એમ.ઓ. યુ., સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈન કોમ્પેડીયમનું વિમોચન તેમજ ધોલેરા ખાતે નિર્માણ થનારી હોસ્પિટલ, ઈન્ટરનેશનલ સ્કૂલ અને ફાયર સ્ટેશનન ઈ-ખાતમુહૂર્ત પણ કરવ આવ્યા હતા. સેમિકન્ડ આર્ટિફિશિ ઈન્ટેલિજન્સ, મ લર્નિંગ અને ડ્રોન ટેકનોલોજી જેવા ઉભરતા ક્ષેત્રોમાં





### કોન્ફરન્સમાં દેશ-વિદેશના ૧૫૦૦થી વધુ પ્રતિનિધિઓ- ૨૫૦ જેટલા એક્ઝીબિટર્સ- ૬ કંટ્રી સ્પેસીફિક રાઉન્ડ ટેબલ- ૭ જેટલા પેનલ ડિસ્કસન્સ

ભારતની વૈશ્વિક સ્થિતિ દિવસે દિવસે મજબૂત થતી જાય છે.

ગુજરાતે ભારત સરકારની પેટ્રન પર ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન કાર્યરત કરીને મજબૂત ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવવી છે. ગુજરાતે ડેડીકેટેડ સેમિકન્ડક્ટર પોલિસી ૨૦૨૨માં જ અમલી કરી દીધી છે.

એટલું જ નહિ, ધોલેરામાં સેમિકન્ડક્ટર ઉદ્યોગોના વિશાળ વિકાસની સંભાવનાઓ ઓળખી લઈને પ્લગ એન્ડ પ્લે ફેસીલીટીઝ સાથે દેશના પહેલા ગ્રીન ફિલ્ડ સ્માર્ટ સિટી તરીકે તેનો વિકાસ શરૂ કર્યો છે. ગુજરાતમાં એ.આઈ., મશીન લર્નિંગ અને એનાલીટીક્સ જેવી ટેકનોલોજી અને ઉદ્યોગ તથા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પોલીસી પણ જાહેર કરવામાં આવી છે તેની વિગતો આપી હતી.સેમિકન્ડક્ટર સેક્ટરમાં હાઈટેક મેનપાવર તૈયાર કરવાની દિશામાં ગુજરાત તેજ ગતિએ આગળ વધ્યું છે તેની ભૂમિકા આપતા કહ્યું કે, ટેક્સટાઈલ, ફાર્મા, ડાયમંડ, કેમિકલ એન્ડ પેટ્રોલ કેમિકલ્સ, સીરામીક, હરીન્યૂએબલ એનર્જી જેવા ક્ષેત્રમાં ગુજરાત વૈશ્વિક કેન્દ્ર બન્યું છે. હવે, અવસરોની ભૂમી ગુજરાતને વિકાસની અસીમ સંભાવનાઓ સાથે ઈનોવેશનમાં વૈશ્વિક સહભાગીતાથી હાઈટેક મેન્યુફેક્ચરિંગ રિવોલ્યુશન કેન્દ્ર બનાવવાની નેમ છે એમ તેમણે ઉમેર્યું હતું.

### સેમિકનેક્ટ કોન્ફરન્સ અંતર્ગત થયેલા MoU

આ કોન્ફરન્સના ઉદઘાટન સમારોહ દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં થયેલા એમ.ઓ.યુ.ની વિગતો આ મુજબ છે.

૧) ગુજરાતમાં રૂ.૧૦૦૦ કરોડના રોકાણ દ્વારા નવા સિલિકોન ફોટોનિક્સ મેન્યુફેક્ચરીંગ એકમ સ્થાપવા માટે ઉંઅઇઈક ઈંગઉઈઅ કંપની સાથે ખજ્ઞઞ કરવામાં આવ્યા. આ એકમ ખાતે એ.આઈ., ટેલિકોમ, આઈ.ઓ.ટી અને સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ઉપયોગી એવા ફોટોનિક્સ ટ્રાન્સરીસીવર્સ (ડેટા કમ્યુનિકેશન ડિવાઈસ)નું ઉત્પાદન કરવાનું લક્ષ્ય છે. આ રોકાણ થકી ૧૫૦૦ જેટલી નવી રોજગારીનું સર્જન થશે.

૨) રૂ.૯૧,૫૨૬ કરોડના કુલ રોકાણ દ્વારા ધોલેરા ખાતે સ્થપાનાર સેમિકંડક્ટર ફેબ એકમને કેન્દ્ર સરકાર દ્વારા મળવાપાત્ર નાણાકીય સહાય આપવા માટે ઈન્ડીયા સેમિકંડક્ટર મિશન અને ટાટા ઈલેક્ટ્રોનિક્સ વચ્ચે કરાર થયા.

૩) સાણંદ ખાતે કેયન્સ ટેકનોલોજીના નવા સેમિકન્ડક્ટર એકમનુ ખાતમુહુર્ત કરવામાં આવ્યું. આ સાથે જાહેરાત કરવામાં આવી કે આ કેયન્સના સાણંદ ખાતેના આ સેમિકન્ડક્ટર ઘજઅઝ પ્લાન્ટ પર પાયલોટ મેન્યુફેક્ચરીંગ લાઈન દ્વારા જૂન ૨૦૨૫ અને મુખ્ય મેન્યુફેક્ચરીંગ લાઈન દ્વારા જાન્યુઆરી ૨૦૨૬માં સેમિકન્ડક્ટર ચીપનું ઉત્પાદન શરૂ થવા જઈ રહ્યું છે. આ ઉપરાંત કેન્સ કંપની દ્વારા તેના ટેકનોલોજી પાર્ટનર, ઉત્પાદક સાધન પાર્ટનર અને સપ્લાય ચેન પાર્ટનર સાથે કરારોની જાહેરાત કરવામાં આવી. સેમિકન્ડક્ટર ક્ષેત્રે નવા કૌશલ્ય નિર્માણ માટે ૮ સંસ્થાઓ સાથેના સ્ટ્રેટજીક સહયોગ માટેના કરારની જાહેરાત કરવામાં આવી.

૪) ગુજરાતમાં રૂ.૫૦૦ કરોડથી વધુના રોકાણ દ્વારા નવા ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરીંગ સર્વિસ એકમ સ્થાપવા માટે તાઈવાનની તાઈવાન સરફેસ માઉન્ટીંગ ટેકનોલોજી કંપની સાથે ખજ્ઞઞ કરવામાં આવ્યા. આ રોકાણ થકી ૧૦૦૦ જેટલી નવી રોજગારીનું સર્જન થશે.

૫) ગુજરાતમાં સાણંદ ખાતે આવેલી સેમિકંડક્ટર ક્ષેત્રની કંપની માઈક્રોન ટેકનોલોજી સાથે પર્યાવરણ, સ્વાસ્થ્ય, સુરક્ષા, જ્ઞઊખ શિક્ષણ અને કુશળ માનવબળના વિકાસ માટેના પ્રયત્નો માટે ખઘઞ કરવામાં આવ્યા. જેનો લાભ સાણંદની આસપાસના ગ્રામ્ય વિસ્તારને મળશે.

# ભારત સામે ટિટ-ફોર-ટેટ ટેરિફ : ટ્રમ્પ

### અન્ય દેશોએ દાયકાઓથી અમારી વિરુદ્ધ ટેરિફનો ઉપયોગ કર્યો છે એટલું જ નહીં EU, ચીન, બ્રાઝિલ, ભારત સહિત અન્ય દેશો ઊંચી ટેરિફ વસૂલે છે

નવીદિલ્હી, તા. ૫

યુએસ સંસદના સંયુક્ત સત્રમાં તેમના પ્રથમ સંબોધન દરમિયાન, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ન માત્ર ભારતને સીધી ચેતવણી આપી હતી, પરંતુ ૨ એપ્રિલથી અમારા ઉત્પાદનો પર આયાત જકાત એટલે કે 'ટિટ-ફોર-ટાટ ટેરિફ' લાદવાની પણ જાહેરાત કરી હતી. ટ્રમ્પે કહ્યું, ''અન્ય દેશોએ દાયકાઓથી અમારી વિરુદ્ધ ટેરિફનો ઉપયોગ કર્યો છે. હવે તે અન્ય દેશો સામે તેમના પોતાના હથિયારનો ઉપયોગ કરવાનો અમારો વારો છે. સરેરાશ, ઊઞ, ચીન, બ્રાઝિલ, ભારત અને અસંખ્ય અન્ય દેશો અમારી પાસેથી ખૂબ ઊંચી ટેરિફ વસૂલે છે. તેની સરખામણીમાં, અમે તેમની પાસેથી ઓછી ટેરિફ વસૂલ કરીએ છીએ. આ માત્ર અયોગ્ય છે.

પારસ્પરિક ટેરિફને સમજતા પહેલા, તે જાણવું અગત્યનું છે કે ટેરિફ, જેને આયાત જકાત પણ કહેવામાં આવે છે, તે શું છે. જો સાદી ભાષામાં સમજીએ તો, ટેરિફ એ ફરજ છે જે એક દેશ બીજા દેશમાંથી આયાત કરેલા માલ પર લાદે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ યુએસ નાગરિક ભારતના ઉગાડનારાઓ પાસેથી નાગપુરી નારંગીનો ઓર્ડર આપે છે, તો તેણે માત્ર તે નારંગી માટે ચૂકવણી કરવી પડશે નહીં, પરંતુ તેણે વધારાની ફી પણ ચૂકવવી પડશે. આ ડ્યુટી તે દેશની સરકાર દ્વારા લાદવામાં આવે છે જ્યાં ઉત્પાદનની આયાત કરવામાં આવે છે. તેને ઈમ્પોર્ટ ડ્યુટી કહેવાય છે. વિવિધ દેશોની સરકારો તેમનામાં આયાત કરવામાં આવતા માલ પર જુદી જુદી ડ્યુટી લાદે છે અને તેમની તિજોરી ભરે છે. કહેવાય છે કે તરસ્યો કુવા પર જાય છે, અને કૂવો તરસ્યા પાસે તરસ છીપાવવા નથી જતો. આ કહેવત બે દેશો વચ્ચેના વેપારને પણ લાગુ પડે છે.



ઉદાહરણ તરીકે, જો અમેરિકન નાગરિકોને ભારતીય ઉત્પાદનોની જરૂર હોય તો તેઓ આ વસ્તુઓ ભારતમાંથી આયાત કરશે. એટલું જ નહીં, તેઓ આ ઉત્પાદનો પર તેમની સરકાર દ્વારા લાદવામાં આવેલી આયાત ડ્યૂટી પણ ચૂકવશે, જેથી ઉત્પાદનો તેમના સુધી પહોંચી શકે. આ માંગ અને પુરવઠાનો નિયમ છે.

જો અમેરિકાનો કોઈ વ્યક્તિ ભારતમાંથી કારનો ઓર્ડર આપે છે તો ૧૦ લાખ રૂપિયાની કાર માટે તેને ઈમ્પોર્ટ ડ્યૂટીની સાથે લગભગ ૧૨ લાખ ૫૦ હજાર રૂપિયા ચૂકવવા પડી શકે છે. બીજી બાજુ, જો કોઈ ભારતીય અમેરિકન કાર ખરીદે છે, તો તેણે ઊંચી આયાત ડ્યુટીના કારણે ૨૦ લાખ રૂપિયા ચૂકવવા પડશે. આ કિંમતો આ ઉત્પાદનોને પહોંચાડવાની કિંમત (ડિલિવરી ફી) ઉમેર્યા વિના છે. અત્યાર સુધી આ પ્રકારની વ્યવસ્થાને ઠઝઘ દ્વારા માન્યતા આપવામાં આવી છે.

આ સિસ્ટમે ઘણી હદ સુધી સારી રીતે કામ કર્યું છે. આ બાબત કૃષિ ક્ષેત્રના ઉદાહરણથી સમજી શકાય છે. અમેરિકામાં કૃષિ પેદાશોનું મોટા પાયે ઉત્પાદન થાય છે. સાથે જ ભારત એક કૃષિપ્રધાન દેશ છે.

જો ભારત અમેરિકન કૃષિ ઉત્પાદનો - ઘઉં, ડાંગર વગેરે પર આયાત જકાતના ઊંચા દરો લાદવાનું બંધ કરે તો ભારતમાં આ ઉત્પાદનો સસ્તી થઈ જશે. આવી સ્થિતિમાં, ભારતમાં જ ભારતીય ખેડૂતોના ઉત્પાદનોની ઓછી ખરીદી થવાની સંભાવના રહેશે. આ કારણે ભારતીય ખેડૂતોનું નુકસાન ઘણું વધારે થઈ શકે છે.

# બોફોર્સ કેસમાં નવો વળાંક: અરજી સુપ્રીમમાં દાખલ

### અમેરિકા પાસેથી ૬૪ કરોડ રૂપિયાના બોફોર્સ કૌભાંડ સાથે જોડાયેલા દસ્તાવેજો અંગેની માહિતી આવી માંગવામાં

નવીદિલ્હી, તા..૫

બોફોર્સ કેસમાં નવો વળાંક આવ્યો છે. દિલ્હી હાઈકોર્ટના ૨૦૦૫ના નિર્ણયને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. આ એ જ નિર્ણય હતો જેમાં હિન્દુજા બંધુઓ પરના તમામ આરોપો ફગાવી દેવામાં આવ્યા હતા. વકીલ અજય અગ્રવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં વહેલી સુનાવણીની માંગ કરવામાં આવી છે. તે જ સમયે, ભારત સરકારે અમેરિકાને ઔપચારિક ન્યાયિક વિનંતી (લેટર રોગેટરી) મોકલી છે. જેમાં ૬૪ કરોડ રૂપિયાના બોફોર્સ કૌભાંડ સાથે જોડાયેલ મહત્વની માહિતી માંગવામાં આવી છે. આ કૌભાંડ ૧૯૮૦ના દાયકામાં કોંગ્રેસ સરકાર દરમિયાન થયું હતું, જ્યારે સ્વીડન પાસેથી ૧૫૫ળળ ફિલ્ડ આર્ટિલરી ગન ખરીદવામાં આવી હતી.

સીબીઆઈએ હાલમાં જ યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટને આ વિનંતી મોકલી છે.એજન્સીએ યુએસ સ્થિત પ્રાઈવેટ ડિટેક્ટીવ ફર્મ ફેરફેક્સના વડા માઈકલ હર્ષમેન પાસે રહેલા દસ્તાવેજોની માંગણી કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે હર્ષમાન પાસે સ્વીડિશ હથિયાર નિર્માતા કંપની એબી બોફોર્સ દ્વારા આપવામાં આવેલી કથિત લાંચ સંબંધિત મહત્વપૂર્ણ પુરાવા છે. ૨૦૧૭માં હર્ષમેને દાવો કર્યો હતો કે તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીએ 'મોન્ટ બ્લેન્ક' નામના સ્વિસ બેંક એકાઉન્ટની માહિતી મળ્યા બાદ ભારે નારાજગી વ્યક્ત કરી હતી. બોફોર્સ પાસેથી કથિત રીતે મળેલી લાંચની રકમ આ ખાતામાં જમા કરવામાં આવી હતી. હર્ષમેને એમ પણ કહ્યું હતું કે રાજીવ ગાંધી સરકારે તેમની તપાસમાં તોડફોડ કરવાનો પ્રયાસ કર્યો હતો.

બોફોર્સ કૌભાંડનો સૌપ્રથમ ૧૯૮૭માં સ્વીડિશ પબ્લિક બ્રોડકાસ્ટરે પર્દાફાશ કર્યો હતો. આ કૌભાંડ રાજીવ ગાંધી સરકારના પતનનું મુખ્ય કારણ બન્યું. ૨૦૦૪માં દિલ્હી હાઈકોર્ટે રાજીવ ગાંધી સામેના લાંચના આરોપોને ફગાવી દીધા હતા, પરંતુ આ કૌભાંડને લગતા પ્રશ્નો આજે પણ ઉભા થાય છે.આ કૌભાંડમાં ઈટાલિયન બિઝનેસમેન ઓટ્ટાવિયો ક્વાટ્રોચીનું નામ સીધું જોડાયેલું હતું. રાજીવ ગાંધી સરકારમાં તેઓ ખૂબ જ પ્રભાવશાળી માનવામાં આવતા હતા. જ્યારે તેમના પર તપાસની તલવાર લટકી રહી હતી ત્યારે તેમને દેશ છોડવા દેવામાં આવ્યો હતો.



આ પ્રકારનો કોઇ કાયદો અસ્તિત્વ ધરાવતો નથી, આ વાતથી સમજો, ચેતો અને ફ્રોડથી બચો

# વૃધ્ધને ડિજીટલ એરેસ્ટ કરી ગઠીયાઓએ પડાવ્યા ત્રેવીસ લાખ

## બીજા પચ્ચીસ લાખની એફડી તોડવા ગયા ત્યારે શંકા ઉપજતાં આ રકમ બચી ગઇઃ તમારું નામ છ કરોડ એંસી લાખના મની લોન્ડ્રીંગમાં ખુલ્યુ છે, બેં એકાઉન્ટ હોલ્ડ કરી તમારી રકમ વેરીફાઇ કરવા માટે ટ્રાન્સફર કરવી પડશે કહી નાણા ખંખેર્યા




### ગઠીયાઓએ બે દિવસ સુધી દર કલાકે વૃધ્ધ પાસે 'આઇ એમ સેફ' લખી રિપોર્ટ માંગ્યોઃ સીબીઆઇ, સાયબર ક્રાઇમના નામે ડરાવ્યા

રાજકોટઃ ઓનલાઇન ફ્રોડની દુનિયામાં રોજ કોઇને કોઇ લોકો ગઠીયાઓની જાળમાં ફસાઇ જઇ લાખો કરોડો ગુમાવી રહ્યા છે. પોલીસ, સરકાર ડિજીટલ એરેસ્ટ ફ્રોડ સામે લોકોને જાગૃત કરવા બનતા તમામ પ્રયાસ કરી રહી છે. ટેલિફોન કોલર ટ્યુન, અખબારો, ટીવી, સોશિયલ મિડીયા મારફત સાયબર ક્રાઇમ પોલીસ અને સરકાર ડિજીટલ એરેસ્ટ જેવો કોઇ કાયદો નથી, આ માત્ર ફ્રોડ છે તેવું ગાઇવગાડીને કહે છે. આમ છતાં લોકો આ પ્રકારના ફ્રોડનો શિકાર થઇ રહ્યા છે. વધુ એક વૃધ્ધને આઇપીએસના નામે ડિજીટલ એરેસ્ટ કરી તમારુ છ કરોડ એંસી લાખના મનીલોન્ડરીંગ કેસમાં નામ છે કહી ડરાવી ધમકાવી તેમની પાસેથી ત્રેવીસ લાખ પડાવી લીધા છે. આ ઉપરાંત તેમની પચ્ચીસ લાખની એફડી તોડાવવા પણ તેમને મોકલ્યા હતાં. પણ ત્યારે ફ્રોડની અણસાર આવી જતાં આ રકમ બચી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો આ વખતે વડોદરાના વૃધ્ધ ડિજીટલ એરેસ્ટ ફ્રોડમાં શિકાર બન્યા છે. તેમને આઇપીએસ રાકેશકુમારના નામે ડિજિટલઅરેસ્ટ કરી ભેજાબાજોએ ત્રેવીસ લાખ પડાવ્યાં છે. સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વડોદરાના આજવા રોડ પર આવેલ ધ પેલેસ સોસાયટીમાં રહેતા અને નિવૃત જીવન ગાળતા એકસઠ વર્ષીય વૃધ્ધે વડોદર શહેરના સાયબર કાઇમ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે સવારે મને અજાણ્યા નંબર પરથી કોલ કરનાર વ્યકિતએ અભય મિશ્રા તરીકે ઓળખ આપી તેનો બેચ નંબર જણાવ્યો હતો અને કહ્યું હતું કે, તમારું આધાર કાર્ડ મની લોન્ડરિંગમાં વપરાયું છે, જેથી તમારે પોલીસ ફરિયાદ કરવી પડશે અને તેની માટે આઇપીએસ રાકેશકુમાર તમને કોલ કરશે. ત્યાર બાદ મને રાકેશકુમારના નામે વીડિયો કોલ આવ્યો હતો.

આ કોલ કરનારે પોતે રાકેશકુમાર છે અને તે દિલ્હી સાયબર ક્રાઇમ પોલીસના આઇપીએસ ઓફિસર છે તેવી ઓળખ આપી જણાવ્યું હતું કે અશોક ગુપ્તા નામની વ્યકિતની ૬.૮૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ થઇ છે અને તેની તપાસમાં તમને એક લાખ રોકડા અને ૧૦ ટકા કમિશન તમારી બેંકમાં જમા થયું છે. આ માટે તમને એરેસ્ટ કરવા પડશે અને તમારી તમામ મિલકત અને બેંક એકાઉન્ટની તપાસ કરવી પડશે. તમારી પાસે બે ઓપ્શન છે, એક ફિઝિકલ ઈન્વેસ્ટીગેશન અથવા પ્રાયોરીટી ઈન્વેસ્ટીગેશન જે રિમોટ મોડ પર થઈ શકશે. ત્યાર બાદ તેઓએ હું રેપ્યુટેડ વ્યકિત છું માટે પ્રાયોરીટી ઈન્વેસ્ટિગેશનમાં જવાની સલાહ આપી હતી અને સીબીઆઇ ચીફને ધરપકડ અને બેંક એકાઉન્ટ હોલ્ડ માટે અપીલ કરવી પડશે અને તેમાં તમારા પરિવારની અને તમારી બધી માહિતી લખીને તૈયાર કરો અને બે દિવસ દરમિયાન આઇ એમ સેફ લખી દર કલાકે રિપોર્ટ કરજો અને સવારે સાડા નવે વાગે આઈશોલેશનમાં એકલા જવું પડશે જ્યાં તમારી પૂછપરછ કરાશે.

ત્યારબાદ વીડિયો કોલ કરીને સીબીઆઈ લેટરપેડવાળો લેટર મોકલ્યો હતો અને ૨૩ લાખનો ચેક તૈયાર રાખો અથવા બેંકમાં જઈ આરટીજીએસ કરવા માટે કહ્યું હતુ અને આ નાણાં નેશનલ ટ્રેઝરી ટ્રસ્ટમાં જમા રહેશે અને વેરીફાય કર્યાના બેથી ત્રણ દિવસમાં તમારા બેંક ખાતામાં પાછા આવી જશે તેમ જણાવ્યું હતું.

તેઓની સુચના મુજબ મે બેંકમાં જઈ ત્રેવીસ લાખ આરટીજીએસથી ગઠિયાઓના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ તેઓએ મને ખાનગી બેંકમાં મુકેલી ૨૫ લાખની ત્રણ એફડી તોડી તે નાણાં ટ્રાન્સફર કરવા માટે અન્ય એક બેંક ખાતા નંબર મોકલ્યો હતો. આ સુચના મુજબ હું બેંકમાં ગયો હતો પરંતુ બેંક બંધ હોઈ હું મેં પરત ફર્યો હતો અને મને શંકા જતાં અમારા છોકરાઓને તમામ હકીકત જણાવી હતી જે બાદ મે સાયબર ક્રાઈમ ટોલ ફ્રી નંબર પર અરજી કરી હતી. આ ફરિયાદના પગલે સાયબર ક્રાઈમ પોલીસે પરેશભાઈ સાથે ઠગાઈ કરનાર ઠગ ટોળકી સામે ગુનો નોંધી તેઓના મોબાઈલ નંબરો અને જે બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર થયા છે તેના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે. ડિજીટલ એરેસ્ટ જેવો કોઇ કાયદો નથી, આવા ફોન કોલ્સ આવે તો ડરો નહિ તુરંત ફોન કટ કરો અને નજીકના પોલીસ સ્ટેશનમાં પહોંચો અને આવા ફ્રોડથી બચો.

---

નશો નાશનું મુળ છે એ વાત વધુ એક વખત યથાર્થ ઠરીઃ વિકૃત ઢગા પર સર્વત્ર ફીટકાર

# દારૂડીયા દિકરાના દૂષ્કમનો ભોગ બનેલી વૃધ્ધ જનેતાનું મોત

## બળાત્કાર બાદ હત્યામાં પરિણમી ઘટનાઃ શૈતાન સમાન આરોપીનો કેસ નહિ લડવાનો બાર એસોસિએશનનો નિર્ણય



રાજકોટઃ શૈતાન પણ શરમાઇ જાય તેવી ઘટના અંજારમાં બની હતી. દારૂના નશામાં ભાન ભુલીને હવસખોર બનેલા શખ્સે પોતાની જ વૃધ્ધ માતા પર બળાત્કાર ગુજાર્યો હતો. આ ઘટનામાં વૃધ્ધાને ગુપ્તાંગમાં અને શરીરે ઇજાઓ પણ થઇ હતી. હવે સારવાર દરમિયાન તેમનું મોત નિપજતાં આ બનાવ રેપ મર્ડરમાં પરિણમ્યો છે. આ કેસમાં પોલીસે તુરંત કાર્યવાહી કરી હતી. હવે ઝડપથી પુરાવા એકત્ર કરી ઝડપથી ચાર્જશીટ પણ કરી દેવામાં આવશે.

ચોંકાવનારી ઘટનાની વિગતો પર નજર કરીએ તો અંજારમાં સામે આવેલી જઘન્ય ઘટનાક્રમમાં મામલો દુષ્કર્મ સાથે હત્યામાં પલટાયો છે. પુત્રએ માતા સાથે આચરેલા દુષ્કર્મથી આહત અને ઘાયલ વયોવૃદ્ધ માતાએ ભુજની હોસ્પિટલમાં સારવાર દરમ્યાન દમ તોડી દીધો હતો. ૮૦ વર્ષીય માતા પર દારૂડીયા એવા ૫૦ વર્ષીય પુત્રએ દુષ્કર્મ આચર્યાની આઘાતજનક અને જઘન્ય અપરાધમાં આરોપી સામે ચોતરફથી ફીટકાર વરસી રહી છે ત્યારે આ ઘટનામાં બનાવ બાદથી સારવાર હેઠળ રહેલી વયોવૃદ્ધ માતા ભુજની જી.કે. હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા, જેમણે વેન્ટીલેટર પર દમ તોડી દીધો હતો. આ અંગે અંજાર પોલીસ ઈન્સપેક્ટર એ.આર. ગોહીલે જણાવ્યું કે દુષ્કર્મ સાથે હવે હત્યાની કલમો પણ ગુનામાં ઉમેરી દેવામાં આવી છે.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે આ જઘન્ય અપરાધને અંજામ આપનારા હવસખોર આરોપીને અગાઉ પકડી લેવામાં આવ્યો હતો. અગાઉ તે દારૂના કેસમાં પણ પકડાયો હતો. હવે તેના પર સગી વૃધ્ધ જનેતા પર બળાત્કાર ગુજારી હત્યા નિપજાવવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસનો પ્રયાસ આ કેસમાં ઝડપથી પુરાવા એકત્ર કરીને ચાર્જશીટ દાખલ કરવાનો રહેશે, જેથી આરોપીને જલદીથી સજા મળી શકે. ઉલ્લેખનીય છે કે ગત ચાર દિવસ પહેલાજ વૃદ્ધાના બીજા પુત્રની પત્નિએ આરોપી સામે કૃરતા પુર્વક હુમલો કરીને દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનાથી સમાજનો દરેક વર્ગ ખળભળી ગયો છે અને આઘાતમાં ગરકાવ થઇ ગયો છે. નશાખોર કઇ હદ સુધી જઇ શકે તેની આ ઘટના પ્રતીતિ કરાવે છે. આ કિસ્સામાં અંજાર બાર એસોસિએશને હવસખોર હત્યારાનો કેસ નહિ લડવાનો સંપર્ક કર્યો છે.

સમાજમાં અવાર-નવાર એવી ઘટનાઓ બનતી રહે છે જે ખળભળાવી મુકે છે. અગાઉ અનેક કિસ્સામાં બાળાઓને સગા બાપ કે સાવકા બાપે, ક્યારેક બહેનને ભાઇએ હવસખોરીનો શિકાર બનાવી હતી. અમુક કિસ્સામાં તો ડોસાઓએ પણ ચાર કે પાંચ વર્ષની બાળાઓને ઉઠાવીને તેના દેહ પીંખ્યા હોવાની ઘટનાઓ તાજી જ છે. ત્યારે આ બનાવમાં સગી જનેતા પર દારૂડીયા દિકરાએ બળાત્કાર ગુજારી મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી ગઇ છે. આ હવસખોર પર સૌ કોઇ ફીટકાર વરસાવી રહ્યું છે.

---

# વેરા વસુલાત માટે દિલ્હી અભી દૂર

## ૩૮૦ કરોડ સુધી પહોંચી કર આવક : મિલકત ધારકો દ્વારા આપવામાં આવેલા પીડીસી ચેકની આવક ૧.૫ કરોડ આસપાસ



રાજકોટ, તા.૫

દિવસના દિવસે વિભાગ પોતાના લક્ષ્યાંક સુધી પહોંચવા માટેના દરેક સંભવત પ્રયત્નો કરી રહ્યું છે ત્યારે હવે ૩૮૦ કરોડ જેટલી બાતબર આવક પણ કરી લીધી છે ત્યારે હવે બાકી રહેતા દિવસોમાં જે બાકી કરવેરો છે તેની વસૂલાત કરવા માટે હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે એટલું જ નહીં મહાનગરપાલિકાના વિભાગ માટે સારા સમાચાર એ પણ છે કે હાલ કે સરકારી વિભાગો છે તેમાંથી ઘણા ખરા વિભાગો દ્વારા કરની ભરપાઈ કરવામાં આવી છે જેને લઈને હાલ જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા હતા તે પણ હવે પૂર્ણ થયા છે. તો બીજી તરફ પીડીસી ચેક આપનાર જે મિલ્કત ધારકો છે તે આંકડો પણ આશરે દોઢ કરોડ જેટલો છે જેથી હવે એ વાત સ્પષ્ટ છે કે બાકી રહેતા દિવસોમાં હવે ઝડપભેર વસુલાત કરવી તે કપરી છે.

આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ ગઈકાલે રાજકોટ મહાનગરપાલિકાના વેરાવળ વિભાગ દ્વારા કુલ ૪૫ લાખની રિકવરી કરવામાં આવી હતી.

મહાપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા આજે વધુ આઠ મિલ્કતોને સીલ મારવામાં આવ્યા હતા.

તો આજે ૪૫.૫૧ લાખની રીકવરી થઇ હતી.આજે વોર્ડ નં.૬ના શ્રમજીવી સોસાયટીમાં એક મિલ્કત સીલ કરાઇ હતી. વોર્ડ નં.૭ના સુભાષ રોડ પર એક, પંચનાથ પ્લોટના પેસીફીક ફોર્ચ્યુનમાં એક ઓફિસ સીલ કરાઇ હતી.વોર્ડ નં.૧૮ના શિવ શ્રધ્ધા પાર્કના કોમ્પ્લેક્ષમાં, ઢેબર રોડ, બોલબાલા મેઇન રોડ, ઢેબર રોડના ગણેશ કોમ્પ્લેક્ષમાં, ગોંડલ રોડ પર એક મિલ્કત સીલ કરાઇ હતી.

તો અન્ય જગ્યાએથી ૪૫.૫૧ લાખની રીકવરી થઇ છે. આજ સુધીમાં મનપાને ૩૭૯.૦૮ કરોડની આવક થયાનું ટેક્સ વિભાગે જણાવ્યું છે.

૩૧ માર્ચ સુધી શહેરમાં વસુલાત ઝુંબેશ નિયમિત ચાલુ રહેશે તેમ વિભાગે જણાવ્યું છે.

---

# દવા છાંટવામાં ડ્રોન ટેકનોલોજી કારગત નીવડી

## ક્યુલેક્ષ મચ્છરોનો ઉપદ્રવ ઘટ્યો : હજુ પણ દવાનો કરાશે છટકાવ



રાજકોટ, તા. ૫

ક્યુલેક્ષ મચ્છર અને મચ્છરના પોરાના નાશ તથા પુખ્ત મચ્છરના નાશ માટે ડ્રોન ટેકનોલોજી દ્વારા દવા છંટકાવની કામગીરી

અઠવાડીયા પહેલાની સાપેક્ષમાં મચ્છરની ડેન્સીટીમાં ઘટાડો નોંધાયો છે. મળતી માહિતી મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી નદીમાં ડ્રોન મારફતે દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો અને ઉપદ્રવને દૂર કર્યો છે. ભલે આ મચ્છર કોઈ રોગ લઈને આવતા નથી પરંતુ આ મચ્છર નું ન્યુસન્સ ખૂબ વધુ હોવાથી લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે અને આ અંગે અનેક ફરિયાદો મહાનગરપાલિકામાં પણ કરવામાં આવી હતી. રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્યશાખા દ્વારા ન્યુસન્સ મચ્છરની ઉત્પતિ અટકાવવાના સઘન પ્રયાસો થઇ રહ્યા છે. માન. કમિશનરશ્રી તુષાર સુમેરાની સુચના અન્વયે નદીકાંઠાના વિસ્તારોમાં ક્યુલેક્ષ મચ્છર તથા મચ્છરના પોરાના નાશ માટે ડ્રોન ટેકનોલોજીના માધ્યમથી પોપટપરા રેલનગર પાછળ આજીનદી ખાતેદવા છંટકાવનીકામગીરી છ દિવસથી સતત કરાવવામાં આવી રહી છે.

વાહક નિયંત્રણની કામગીરીમાં ડ્રોન ટેકનોલોજીથી દવા છટકાવની કામગીરી હેઠળ છેલ્લા સાત મહિના દરમ્યાન છત્રપતી શિવાજી ટાઉનશીપ, રેલનગર પાછળ આજીનદીમાં, બેડીચોકડી પાસે પુલથી જમણી બાજુ (ભગવતીપરા બાજુ તથા જયપ્રકાશનગર બાજુ), બેડી વિસ્તાર બ્રીજની ડાબી સાઇડ, ઘોરીયા પુલ પોપટપરા પાસે આજીનદીમાં, ભગવતી પરા બ્રીજ થી કેસરી પુલ સુધી, ભગીની ટાઉનશીપની પાછળ આજીનદીમાં તથા ૫૩ કવાટર્સ પાછળના વિસ્તારોમાં ડ્રોન મારફતે મચ્છરના પોરા તથા પુખ્ત મચ્છરના નાશ માટે દવા છંટકાવની કામગીરી સતત ચાલુ છે.આ ઉપરાંત છત્રપતી શિવાજી ટાઉનશીપ, રેલનગર પાછળ આજીનદીમાંએક ડીવીડર મશીન તથા બેડી માર્કેટીં ગ યાર્ડ પાછળ બીજા ડીવીડર મશીન વેલ કાઢી ફાયર ફાઇટર દ્વારા દવા છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે.આ ઉપરાંત મેન્યુઅલી રાજકોટ શહેરનામરચાપીઠ પાસે, વોરાના પુલનીચે, રામનાથઘાટ, કપીલા હનુમાન, આજી વસાહત ઈન્ડ્રસ્ટીઅલ વિસ્તારપાછળ તથા જંગ્લેશ્વર શેરી નં. ૨૪ પાસે આજીનદી વિસ્તારમાં ફિલ્ડવર્કરો ધ્વારા વેલ કાઢી નદી વિસ્તારમાં દવા છટકાવની કામગીરી કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત પુખ્ત મચ્છરના નાશ માટે ઇસ્ટ, વેસ્ટ અને સેન્ટ્રલ ઝોન ઉપરાંત રેલનગર અને પોપટપરા વિસ્તારમાં એમ કૂલ ૪ વાહન મારફતે વહિકલ માઉન્ટેડ ફોગીંગ મશીનદ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરાવવામાં આવી રહી છે. ક્યુલેક્ષ પ્રકારના મચ્છરની ખાસિયત એ છે કે આ મચ્છરો ગંદા, પ્રદૂસિત પાણીમાં જ ઉછરવાનું પસંદ કરે છે. આ મચ્છરો સાંજના સમયે ઘરમાં ઘુસે છે અને અડધી રાત્રે કરડે છે.દિવસ દરમ્યાન આ મચ્છર ઘરના અંધારા ખૂણાઓ, ખાલી વાસણો કે ફર્નિચર નીચે ભરાઇ રહે છે અથવા ઘરની બહાર નીકળી જાય છે.

---

# આર્કીટેક્ટ હેમાંગ નથવાણી ગોલ્ડ મેડલથી સન્માનિત

## જૂની આર્કિટેક્ચરલ પરંપરાને નવી દિશા અને ઊંચાઈઓ સુધી લઈ જવા માટે સંકલ્પબદ્ધ : શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયાના વરદ હસ્તે એનાયત થયું ગોલ્ડ મેડલ



રાજકોટ, તા.૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બેચલર ઓફ આર્કિટેક્ચરમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરવા માટે આર્કિટેક્ટ હેમાંગ નથવાણીને ગોલ્ડ મેડલથી સન્માનીત કરવામાં આવ્યા હતા, આ ક્ષણ ગુજરાતનાં શૈક્ષણિક અને આર્કિટેક્ચર ક્ષેત્ર માટે ગૌરવની ક્ષણ બની હતી. આ સન્માન તેમને ગુજરાત રાજ્યના શિક્ષણ પ્રધાન, પ્રફુલ પાનશેરીયાના હસ્તે એનાયત કરવામાં આવ્યું. આ સિદ્ધિ માત્ર શૈક્ષણિક વિજેતા થવાની નથી, પરંતુ તે એક એવા યુવા આર્કિટેક્ટની કહાની છે. જે ત્રણ પેઢી જૂની આર્કિટેક્ચરલ પરંપરાને નવી દિશા અને ઊંચાઈઓ સુધી લઈ જવા માટે સંકલ્પબદ્ધ છે. હેમાંગ નથવાણીના પિતા દીપક નથવાણી, છેલ્લા ૩૫ વર્ષોથી આ ક્ષેત્રમાં આગવી ઓળખ ધરાવે છે અને તેમની દૃષ્ટિએ અનેક શ્રેષ્ઠ પ્રોજેક્ટ્સ ગુજરાતને આપ્યા છે. હવે હેમાંગ આ પરંપરાને આગળ ધપાવી રહ્યાં છે, પણ એક નવા અને આધુનિક અભિગમ સાથે. આધુનિક વિચારો અને ટેકનિક્સ સાથેનો હેમાંગનો અભિગમ હેમાંગ માત્ર વારસાને જાળવી રાખવાના નામે કામ નથી કરતા, તેઓ તેમાં નવીનતા અને ટેક્નોલોજીનો સમાન સમન્વય કરવાનું માને છે. તેમની ડિઝાઇનમાં આધુનિકતા અને ટકાઉપણું એકસાથે જોવા મળે છે. તેઓ માત્ર ભવિષ્યલક્ષી ઈમારતો જ ડિઝાઇન નથી કરતા, પણ તે ઈમારતો પ્રકૃતિ સાથે કેવી રીતે જોડાઈ શકે, ઓછામાં ઓછી ઉર્જા વાપરી શકે અને લાંબા ગાળે ટકી શકે, એ તરફ પણ ધ્યાન આપે છે. લેન્ડસ્કેપિંગ, ઈન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચર આ ત્રણેય ક્ષેત્રોમાં હેમાંગ પોતાના કામ દ્વારા નવી ઉંચાઈઓ સર કરી રહ્યા છે. તેમના પ્રોજેક્ટ્સમાં તાજગીભર્યા વિચારો અને આધુનિક ટેક્નિક્સની ઝલક સ્પષ્ટપણે જોવા મળે છે. તેમના કેટલાક પ્રોજેક્ટ્સએ ગુજરાતની સરહદો પાર કરીને સમગ્ર ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રશંસા મેળવી છે.

હેમાંગના પ્રોજેક્ટ્સ માત્ર ગુજરાત કે ભારત પૂરતા મર્યાદિત નથી રહ્યા. તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાની આગવી છાપ છોડી છે. તેમના અનેક પ્રોજેક્ટ્સમાં પર્યાવરણને અનુકૂળ ડિઝાઇન, ઊર્જા બચત અને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આર્કિટેક્ચર જગતમાં આગવું યોગદાન આપ્યું છે. તેમના મકાન અને ઇન્ટિરિયર્સમાં જે મિનિમલિસ્ટ અને ફંક્શનલ ડિઝાઇન હોય છે, તે ગ્લોબલ આર્કિટેક્ચરલ ટ્રેન્ડ્સ સાથે જોડાયેલી છે.

ભવિષ્યની દિશા અને હેમાંગનો વિઝન હેમાંગ માટે આ ગોલ્ડ મેડલ માત્ર એક સિદ્ધિ નથી, તે નવપ્રેરણા અને જવાબદારી પણ છે.

### બધા સાથે જમવા બેઠા, પછી પતિએ ઠંડુ પીવડાવ્યું, થોડીવારમાં જ તેણી બેભાન જેવી થઇ

# લવમરેજ કરનાર યુવતિ સાથે પતિ, જેઠ, દિયરનો ગેંગરેપ!

## સવારે ભાનમાં આવતાં પોતાની સાથે જે થયું એની ખબર પડીઃ સાસરિયાએ ધમકાવી ચુપ કરાવી દીધીઃ તક જોઇ માવતરે પહોંચી જાણ કરતાં પોલીસ ફરિયાદ

રાજકોટઃ વિકૃતીની ઘટનાઓ અટકતી જ નથી. એક ચોંકાવનારી ઘટનામાં એક પરિણીતા હેવાનીયતનો ભોગ બની છે. જેમાં ગોડાદરા વિસ્તારમાં એક પરિણીતાને તેના જ પતિ, દિયર, જેઠ સહિત સાસરિયા પક્ષના ચાર જણાએ ગેંગરેપનો ભોગ બનાવી હતી. માવતરની મરજી વિરૂધ્ધ જઇ પ્રેમલગ્ન કરનાર આ યુવતિને સાસરિયામાં આવ્યા પછી શૈતાનીયતનો અનુભવ થયો હતો. પિયર ગયા બાદ હિમ્મત એકઠી કરી માવતર પક્ષને સમગ્ર ઘટનાની જાણ કરતાં સૌ ચોંકી ગયા હતાં. આ મામલે તેણીએ ફરિયાદ દાખલ કરાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે. પતિ સહિત સાસરિયાઓએ ઠંડા પીણામાં કંઈક નાખી બેભાન બનાવી આખી રાત વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું અને ત્યારબાદ કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી ચૂપ કરાવી દીધી.

પોલીસ સુત્રોએ જણાવેલી વિગતો પર નજર કરીએ તો મુળ રાજસ્થાનના વતની અને હાલ



સુરતના ગોડાદરામાં મહારાણા પ્રતાપ ચોક પાસે રહેતા યુવક સાથે મહારાષ્ટ્રની યુવતીના પ્રેમલગ્ન થયા હતા. યુવતી તેના પરિવારની મરજી વિરૂધ્ધ જઈને પતિ સાથે રહેવા આવી હતી. પરંતુ લગ્ન પછી પરિણીતાને પોતાનાં જ પતિ અને સાસરિયાંઓની ભયાનક હકીકતનો સામનો કરવો પડ્યો હતો.

પરિણીતાએ મહારાષ્ટ્ર પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે એક રાત્રે તે પતિ, દિયર અને જેઠ સહિત ચાર વ્યક્તિઓ સાથે જમવા બેઠી હતી. જમ્યા બાદ પતિએ તેને ઠંડુ પીણું પીવડાવ્યું. જે બાદ થોડા સમય પછી તેને ભારે ઊંઘ આવવા લાગી અને અચેતન થઈ ગઈ. રાત્રે દસેક વાગ્યાની આસપાસ જ્યારે તે સંપૂર્ણપણે બેભાન થઈ ગઈ ત્યારે પતિ સહિત ચારેય લોકોએ તેના પર દુષ્કર્મ ગુજાર્યું હતું.

ત્યારપછી સવારના આઠેક વાગ્યે પરિણીતા ભાનમાં આવી ત્યારે તેને સઘળી હકીકતની જાણ થઈ.

તેણીએ તાત્કાલિક પરિવારજનોને વાત કરવાનું નક્કી કર્યું, પરંતુ પતિ અને સાસરિયાઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી ચૂપ કરાવી દીધી હતી. ઘટનાને થોડા દિવસો વીતી ગયા બાદ, જ્યારે પરિણીતાએ મહારાષ્ટ્ર પિયરમાં જવાનું નક્કી કર્યું, ત્યારે તેણીએ વાસ્તવિકતા પરિવારજનોને કહી અને પરિવારજનોની મદદથી તેણીએ મહારાષ્ટ્ર પોલીસ સ્ટેશનમાં પતિ અને સાસરિયાં વિરુદ્ધ ગેંગરેપની ફરિયાદ નોંધાવી.

મહારાષ્ટ્ર પોલીસ દ્વારા પતિ સહિત ચારેય આરોપીઓ વિરૂધ્ધ ગેંગરેપનો ગુનો દાખલ કરીને ફરિયાદને ગોડાદરા પોલીસ મથકે ટ્રાન્સફર કરવામાં આવી છે.

હવે ગોડાદરાના પોલીસ ઈન્સ્પેક્ટર આચાર્ય અને તેમની ટીમ સમગ્ર ઘટનાની તપાસમાં લાગી છે અને આરોપીઓને ઝડપી પાડવા દોડધામ આદરી છે. પ્રેમલગ્ન બાદ પરિણીતા સાથે પતિ, દિયર, જેઠ સહિતનાએ આચરેલા સામુહિક દૂષ્કર્મની આ ઘટનાથી શહેરમાં ચકચાર મચી ગઇ છે. પોલીસે કહ્યું હતું કે તમામ આરોપીઓને તત્કાળ શોધી કાઢી આકરી કાર્યવાહી કરવામાં આવશે.

### દસમા ધોરણમાં ભણતી છાત્રા નિશાળે જતી ત્યારે ઢગો પાછળ પાછળ જતો, વાત કરતો પછી ફસાવી

# સોશિયલ મિડીયાથી પંદર વર્ષની બાળાને ફસાવી કુંવારી માઁ બનાવી

## પેટમાં દુઃખાવો ઉપડતાં માતા દિકરીને દવાખાને લઇ ગઇઃ દિકરાને જન્મ આપ્યા પછી સમગ્ર ઘટના જણાવીઃ પોલીસે પોક્સો હેઠળ કરી કાર્યવાહી

રાજકોટઃ સોશિયલ મીડીયા થકી કઇ રીતે સગીરાઓને ફસાવાય છે અને જિંદગી બરબાદ કરવામાં આવે છે તેની પ્રતીતિ કરાવતી વધુ એક ઘટના સામે આવી છે. જેમાં પંદર વર્ષની બાળકી માતા બની જતાં ચકચાર મચી ગઇ છે. બાજુમાં રહેતા છોકરાએ સ્કૂલે જતી બાળકીનો પીછો કરી પ્રેમ સંબંધ બાંધ્યો હતો અને ધીમે ધીમે સોશિયલ મીડિયામાં વાત શરૂ કરી. ત્યાર બાદ સગીરાના એકલતાનો લાભ લઈ ઘરે આવતો અને શારીરિક સંબંધ બાંધતો હતો. પંદર વર્ષની બાળકીને પેટમાં દુખાવો ઉપડતા હોસ્પિટલ લઈ ગયા અને બાળકીએ એક બાળકને જન્મ આપતા ભાંડો ફૂટ્યો હતો. આ અંગે બાળકીની માતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



બાળાઓ, વાલીઓ માટે લાલ-બત્તી સમાન આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો બાળકીની માતાએ પોલીસ ફરિયાદમાં નોંધાવ્યું હતું કે , હું લોકોના ઘરમાં કામ કરું છું અને રસોઈ બનાવા જાઉ છું. મારે મારા પતિ સાથે આજથી પંદરેક વર્ષ પહેલા મનમેળ ન આવતા અલગ રહું છું. મારી સાથે મારી પંદર વર્ષની દીકરી રહે છે જે ધોરણ દસ સુધી ભણી છે . તેણીને સાંજના છ વાગ્યે હું કામ પરથી ઘરે આવી ઘરનું કામ પુરી કરીને સુવાની તૈયારી કરતી હતી. તે સમયે મારી દીકરીએ મને જણાવ્યું કે, મમ્મી મને પેટમાં અને કમરના ભાગે ખુબ જ દુંખાવો થાય છે. જેથી તેને ઇનો પીવડાવ્યા બાદ દુંખાવો ઓછો ન થતા તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી હતી . દીકરીને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ ખાતે લાવ્યા બાદ ડોકટરોએ મારી દીકરીની તપાસ કરતા તેને નવ માસનો ગર્ભ હોવાનું જણાવ્યું હતું . જેથી દીકરીને પ્રસુતિ વિભાગમાં દાખલ કરી હતી. દીકરીને નોર્મલ ડિલિવરી થતાં બાળકને જન્મ આપ્યો હતો.

ત્યાર બાદ દીકરી સંપૂર્ણ ભાનમાં આવતા માતાએ તેને આ બાબતે પુછતા તેણે જણાવ્યું હતું કે, આપણી સોસાયટીની બાજુમાં રહેતો છોકરો આજથી એકાદ વર્ષ પહેલા હું જ્યારે સ્કુલે જતી હતી ત્યારે મારી પાછળ પાછળ આવતો હતો અને મને પ્રેમ સંબંધ રાખવા અવાર નવાર કહેતા મે તેને હા પાડી હતી.

છોકરાએ તેનો મોબાઇલ નંબર આપ્યો હતો અને એકબીજાના પરિચયમાં આવ્યા હતા. અમે બંને અવાર નવાર ચોરી-છુપીથી વાતચીત કરતા હતા તેમજ તમારા મોબાઇલમાં મારૂ ઈન્સ્ટાગ્રામ આઈડી ખોલી છોકરા સાથે ઈન્સ્ટાગ્રામમાં વાતચીત કરતી હતી.

બાદ આ છોકરાએ મને જણાવ્યું હતું કે, હું તને ખુબ જ પ્રેમ કરુ છું અને તારી સાથે લગ્ન કરવા માંગુ છું. તેવી વાત કરતા હું તેની વાતમાં આવી ગઇ હતી. આ છોકરો આપણા ઘરે કોઇ ન હોઇ ત્યારે છેલ્લા એક વર્ષથી મને મળવા આવતો અને મારી સાથે અવાર-નવાર શરીર સંબંધ બાંધતો હતો. જેનાથી હું ગર્ભવતી બનતા મેં આ બાળકને જન્મ આપ્યો છે. હાલ સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ સૌને ચોંકાવી દીધા છે.

# NFSA હેઠળ રાજ્યના ૩.૭૨ કરોડ લાભાર્થીઓને મળે છે લાભ

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ૭૬ લાખથી વધુ અંશલા માંથી કાયદા હેઠળ કુટુંબો ને પૂરું પાડવામાં આવે છે નિશુલ અનાજ

રાજકોટ, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વમાં કેન્દ્ર સરકારે ગરીબો અને વંચિતોના વિકાસ માટે અનેક લોક કલ્યાણ યોજનાઓ શરુ કરી છે. આજથી પાંચ વર્ષ પહેલાં વડાપ્રધાને અંત્યોદય કુટુંબોને ટેકો આપવા માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાની જાહેરાત કરી હતી, જે અનેક લોકો માટે વરદાન સાબિત થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે આ યોજનાનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કર્યું છે. ગુજરાત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વર્ષ ૨૦૨૪માં ૨૧.૯૧ લાખ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે, જેની અંદાજિત બજાર કિંમત ₹૭૫૨૯ કરોડ રૂપિયા છે.

વડાપ્રધાન મોદીએ કોરોના મહામારીના કપરા સમયગાળામાં ગરીબ પરિવારોને વિનામૂલ્યે અનાજ પૂરું પડવાના હેતુથી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરુ કરી હતી. જોકે, જરૂરિયાતમંદ પરિવારોનો નાણાંકીય બોજો ઓછો થાય અને તેમને અન્ન વિતરણનો મહત્તમ લાભ મળે એ સુનિશ્ચિત કરવા માટે આ યોજનાને હવે ડિસેમ્બર ૨૦૨૮ સુધી લંબાવવામાં આવી છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અંત્યોદય કુટુંબોને માસિક ૩૫ કિ.ગ્રા. અનાજ અને અગ્રતા ધરાવતા કુટુંબોને માસિક વ્યકિતદીઠ ૫ કિ.ગ્રા. અનાજ એમ બે પ્રકારના કુટુંબોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવે છે.

ગુજરાત સરકારે ગરીબો અને વંચિતોના વિકાસને સર્વોચ્ચ પ્રાધાન્ય આપ્યું છે અને ખાસ કરીને, પોષણલક્ષી યોજનાઓનું અસરકારક અમલીકરણ થાય એ સુનિશ્ચિત કર્યું છે.

પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના અંતર્ગત રાજ્યના ૭૬.૬ લાખથી વધુ કુટુંબોના ૩.૭૨ કરોડ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ પૂરું પાડવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૪ની વાત કરીએ તો, રાજ્ય સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૭,૫૨૯ કરોડની કિંમતના ૨૧.૯૧ લાખ મે.ટન અનાજના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. આમાં અંત્યોદય અન્ન યોજનાના ૩૬.૪૦ લાખથી વધુ લાભાર્થીઓ અને અગ્રતા ધરાવતા કુટુંબોના ૩.૩૦ કરોડથી વધુ લાભાર્થીઓનો સમાવેશ થાય છે.

તાજેતરમાં રજૂ થયેલા ગુજરાતના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે કુલ ૨૭૧૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. NFSA રાશનકાર્ડ ધારકોને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર પૂરો પાડવા તુવેરદાળ અને ચણાના વિતરણ માટે ૭૬૭ કરોડ, નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ-૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને અનાજ પૂરું પાડવા ૬૭૫ કરોડની જોગવાઈ, NFSA લાભાર્થી કુટુંબોને વર્ષમાં બે વખત ખાદ્યતેલ રાહત દરે આપવા માટે ૧૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, શ્રીઅન્ન (મિલેટ)ના વપરાશને પ્રોત્સાહન આપવા માટે બાજરી, જુવાર, રાગીની ખરીદી પર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ ઉપરાંત ૩૦૦ પ્રતિ ક્વિન્ટોલ પ્રોત્સાહક બોનસ ચૂકવવા ૩૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

# પીપીપી યોજનામાં બેફામ ભ્રષ્ટાચાર : ઇન્દ્રનીલ રાજગુરુ

## આવતા સપ્તાહમાં કલેકટર અને મ્યુનિસિપલ કમિશનરનો કરાશે ઘેરાવ : મનપાના અધિકારીઓ પારદર્શક કામગીરી કરે તે જરૂરી

રાજકોટ, તા.૫

કોંગ્રેસ દ્વારા સતત આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે મહાનગરપાલિકા છે તે ભાજપના સત્તાધીશો ની આગળ નતમસ્તક થઈ ગયું છે. અને જે જગ્યાઓ પર વગ દેખાડવાનો હોય તે જગ્યાએ નહીં પરંતુ ન દેખાડવાની જગ્યાએ મનપા પોતાનો ડર દેખાડી રહી છે. આ અંગે ગઈકાલે ઈન્દ્રનીલ રાજ્યગુરુ દ્વારા પત્રકાર પરિષદ સંબોધવ-ામાં આવી હતી જેમાં મહાનગરપાલિકાની કામગીરીને લઈ અનેક પ્રશ્નો ઉઠાવ્યા હતા તેઓએ જણાવ્યું હતું કે જે જગ્યા ગેરકાયદેસર હોય અને જો તે ભાજપ એટલે કે સત્તાધીશ પાર્ટીનું હોય ત્યાં પગલાં લેવામાં આવતા નથી ઊલટું જે વ્યક્તિ નબળો હોય તો તેના પર આકરા પગલાં લેવામાં આવે છે આ ક્યાંનો ન્યાય. વધુમાં તેઓએ માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ મહાનગરપાલિકા શહ-ેરમાં હજારો મિલકતોને નોટિસો પાઠવી રહી છે અને તેઓની કરોડરજ્જુ તોડવાની કોશિશ કરી રહી છે જે ખરા અર્થમાં યોગ્ય નથી અને આ એક સૌથી મોટું ષડયંત્ર પણ છે.

વધુમાં ઈન્દ્રનીલ રાજ્યગુરુએ જણાવ્યું હતું કે આવતા સપ્તાહમાં કલેકટર અને મ્યુનિસિપલ કમિશનર કચેરી નો ઘેરાવ કરવ-ામાં આવશે અને સત્ય હકીકત ઉજાગર થાય તે મુજબની માહિતી પણ આપવામાં આવશે. નકર કામગીરી નો અભાવ મહાનગરપાલિકા કચેરીમાં જોવા મળી રહ્યો છે. બીજી તરફ તેઓએ આક્ષેપક કરતા જણાવ્યું હતું કે મનપાના અધિકારીઓ જે કામગીરી સોંપવા-માં આવેલી છે તે નિષ્પક્ષ રીતે કરે તે ખૂબ આવશ્યક છે. બીજી તરફ તેઓએ આક્ષેપ પણ કર્યો હતો કે બિલ્ડરોને લાભ આપવા માટે ઘણી ઘણી જગ્યાઓ પર ગેરરીતિઓ પણ આચરવામાં આવી છે જે ખરા અર્થમાં યોગ્ય છે. વધુમાં ઈન્દ્રની રાજ્યગુરુ એ જણાવ્યું હતું કે યોજના હેઠળ જે પણ આવાસો બનાવવામાં



આવ્યા છે તેમાં જે પ્રજાને તકલીફ ભોગવી પડે છે તે ન ભોગવી પડે તેના માટે નક્કર આયોજન જિલ્લા કલેકટર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા કરવાનું રહેશે જો તે કર-વામાં નહીં આવે તો તેનો વિરોધ પણ કર-વામાં આવશે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે પીપીપી યોજનામાં જે પણ ભ્રષ્ટાચાર થયા છે તેને ઉજાગર કરાશે જો કોઈ નક્કર કામ-ગીરી તંત્ર દ્વારા કર-વામાં નહીં આવે તો. પત્રકાર પરિષદ સંબ-ોધતા તેઓએ જીમકી પણ ઉચ્ચારી હતી કે તબક્કા વાર પીપીપી ના ભ્રષ્ટાચાર નો પર્દાફાશ કરવામાં આવશે કેટલા ઝુપડા હતા, કેટલી જમીનો હતી, કેટલા રૂપિયા મળ્યા, બિલ્ડરો દ્વારા કેટલી જમીનો ખુલ્લી રખાય છે આ તમામ પ્રકારની જીણવટ ભરી માહિતી મેળવી તે લોકો સમક્ષ મૂકવામાં આવશે.

હાલ અમારી જાણ મુજબ રાજકોટ શહેરમાં હજારોની સંખ્યામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૨૬૦ (૧), ૨૬૦ (૨) મુજબ નોટિસોની બજવણી કરવામાં આવી છે. ત્યારબાદ સ્થાનિક રહીશો દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરી દાદ માગ-વામાં આવેલ છે શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને કોર્ટથી ઉપરવટ જઈને વિસ્થાપિત કરી શકાય નહીં તેમને વૈકલ્પિક જગ્યાઓ ફાળવવાની સરકારશ્રી અને કોર્પોરેશને વ્યવસ્થા કરવી જોઈએ. ત્યારે યોજાયેલી પત્રકાર પરિષદમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, જશવંતસિંહ ભટ્ટી, એડવોકેટ અશોકસિંહ વાઘેલા સહિત કોંગ્રેસના આગેવાનો હાજર રહ્યા હતા

રાજકોટ મિરર તંત્રીની કલમે

## જાગો.. વિપક્ષ પ્યારે જાગો..

### તક છે, પણ તાકાત નથી: કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન



ગુજરાતની રાજનીતિમાં થોડા ગરમાવાના એંધાણ મળી રહ્યા છે. રાષ્ટ્રીય સ્તરેથી મુખ્ય વિપક્ષ કોંગ્રેસ ગુજરાતમાં મોટુ આયોજન કરવા મથામણ કરે છે. આગામી મહિને કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન ગુજરાતમાં યોજાઇ રહ્યું છે. દેશભરના મીડિયાની નજર ગુજરાત પર મંડાશે. ગુજરાતમાં ૬૪ વર્ષ બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન થશે.

વિપક્ષે ગુજરાત પર ફોકસ કર્યું છે, એ રણનીતિનો ભાગ ગણાય. મોદીજી તથા અમિતભાઈની હોમ પીચ છે. રાહુલ ગાંધીનો ઈરાદો શાસકોના મૂળમાં મારવાનો ઇરાદો હોઈ શકે છે. ગુજરાતમાં ભાજપનું એકચક્રી શાસન છે. રાષ્ટ્રીય રાજનીતિમાં પણ ગુજરાતનો દબદબો છે.

તટસ્થ રહીને વિચારીએ તો લોકશાહીની તંદુરસ્તી માટે બેલેન્સ રાજનીતિ હોવી જોઈએ. શાસક પક્ષ તાકાતવર હોવો જોઈએ. વિપક્ષ પણ બળિયો હોવો જોઈએ. ભારતમાં-ગુજરાતમાં શાસકો મહાશક્તિશાળી છે, પણ વિપક્ષ લગભગ બેભાન જેવો છે.

આ સ્થિતિમાં ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન થઈ રહ્યું છે. કોંગ્રેસ તરફથી મળતી વિગતો પ્રમાણે આવતીકાલથી બે દિવસ તા.૭ અને તા.૮ના વિપક્ષ નેતા અને કોંગ્રેસના સર્વેસર્વા રાહુલ ગાંધી ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. રાજ્યમાં લાંબા સમય બાદ રાજકીય રોમાંચ સર્જાશે.

ગુજરાતમાં કોંગ્રેસ સાવ નિષ્ક્રિય અને નીરસ દશામાં છે. ત્રણેક દાયકાથી સત્તાની બહાર છે. દરેક ચૂંટણીમાં કોંગ્રેસ નબળી પડતી જાય છે. આ બાબત દર્શાવે છે કે, કોંગ્રેસનો લોકસંપર્ક કપાઈ ગયો છે. પક્ષ પાસે કોઈ પણ રીત નથી. કોઈ વિશિષ્ટ મુદ્દા પણ નથી. સૌથી મોટું આશ્ચર્ય એ છે કે, પોતાના પક્ષની પણ કોંગ્રેસના નેતાઓને ચિંતા નથી!

તક ભરપૂર છે. ગુજરાતમાં સળંગ ત્રણ દાયકાના શાસનથી સત્તા વિરોધી મત સ્વાભાવિક પણે જ સર્જાતા હોય છે. આમ તો અંકે કરવાની પણ ગુજરાત કોંગ્રેસમાં ત્રેવડ કે રણનીતિ નથી. રાજકીય પક્ષો અને નેતાઓ લોકોમાં વિશ્વાસ જગાવી શકે તો જ તેમને મત પ્રાપ્ત થતા હોય છે. કોંગ્રેસ પાસે ગુજરાતમાં મત સર્જવાની પણ મોટી તક છે. લોકોમાં વિશ્વાસ જગાવીને મત સર્જવા માટે લોકહિતના પરાક્રમો કરી દેખાડવા પડે.

ગુજરાતમાં કાયદો વ્યવસ્થા તથા લોક સમસ્યા જેવા સ્થાનિકથી રાજ્ય સ્તરના પ્રશ્નને કોંગ્રેસ લડત આદરે તો લોકોમાં વિપક્ષ પ્રત્યે આશાનો સંચાર થાય. નિવેદનીયો વિરોધ કે રજૂઆતો નહીં, પરિણામલક્ષી નક્કર લડત જરૂરી છે. અન્ય પ્રશ્નોને બદલે ગુજરાતભરમાં ગામેગામ દેશી દારૂના અડ્ડા અને દારૂડિયા બેફામ છે. આ સમસ્યાથી લોકો ત્રાહિમામ છે. દેશી દારૂ મુદ્દે રાજ્ય વ્યાપી લડત અને જનતા દરોડા શરૂ થાય તો કોંગ્રેસ ચિત્રમાં આવી શકે, પણ સૌથી વધુ ઢીંચીને વિપક્ષ જ સુઈ ગયો હોય તેમ લાગે છે. લોકો ગીત ગાય છે. જાગો વિપક્ષ પ્યારે જાગો !




# ગુડન્યુઝ : કેદારનાથમાં પણ શરૂ થશે રોપ-વે

### ૩૬ મીનીટમાં પહોચી શકાશે : કેદારાનાથ અને હેમકુંડ સાહિબ રોપ-વે પ્રોજેક્ટ્સને કેન્દ્ર સરકારે આપી મંજુરી મંજૂરી



નવી દિલ્હી, તા.૫

કેન્દ્ર સરકારે આજે કેદારાનાથ અને હેમકુંડ સાહિબ રોપ-વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. કેન્દ્રીય પ્રધાનમંડળની બેઠકમાં આજે નેશનલ રોપવે કાર્યક્રમ અન્વયે ઉત્તરાખંડના સોનપ્રયાગથી કેદારનાથ સુધી (૧૨.૯ કિલોમીટર) અને ગોવિંદઘાટથી હેમકુંડ સાહિબ સુધી (૧૨.૪ કિલોમીટર રોપવે યોજનાને મંજૂરી આપી છે. સરકારના આ નિર્ણયથી પ્રદેશમાં નવી રોજગારી અને શ્રદ્ધાળુની મુસાફરી વધુ સુલભ બનશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતની કેબિનેટ કમિટી (સીસીઈએ) એ સોનપ્રયાગથી કેદારનાથના રોપ-વે પ્રકલ્પને મંજૂરી આપી છે. આ ઉપરાંત, યોજનામાં પ્રોજેક્ટની ડિઝાઈન, નિર્માણ, વ્યવસ્થાપન સહિત સ્થળાંતરણ (ડીબીએફઓટી)ના આધારે ૪,૦૧૮૧ કરોડના ખર્ચે વિકાસ કરવામાં આવશે.

આ સૌથી એડવાન્સ્ડ ટ્રાઈ કેબલ ડિટેચેબલ ગોંડોલા (થ્રીએસ) ટેક્નિકના આધારે કરવામાં આવશે. એની ડિઝાઈનની ક્ષમતા ૧,૮૦૦ પ્રવાસીની કલાકના હશે, જે રોજના ૧૮,૦૦૦ પ્રવાસીને લઈ જવાની ક્ષમતા હશે. રોપ-વે યોજના કેદારનાથ આવનારા ભક્તો માટે વરસાદન સાબિત થશે, કારણ કે પર્યટકો માટે ઝડપી અને સમયના બચાવવાળી યાત્રા સાબિત થશે.

હાલના તબક્કે આઠથી નવ કલાકના બદલે રોપવે મારફત લગભગ અડધોથી પોણો કલાકમાં પહોંચી શકાશે. કેદારનાથ મંદિર સુધીની ગૌરીકુંડથી ૧૬ કિલોમીટરની મુસાફરી પડકારજનક છે. હાલના તબક્કે શ્રદ્ધાળુઓ પગપાળા, ટટ્ટુ, પાલખી અથવા હેલિકોપ્ટર દ્વારા પહોંચી છે. પ્રસ્તાવિત રોપ-વેની યોજના મંદિરના શ્રદ્ધાળુઓ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ ઉપરાંત, કેબિનેટની બેઠકમાં ગોવિંદઘાટથી હેમકુંડ સાહિબ સુધીની ૧૨.૪ કિલોમીટરના રોપ-વે પ્રોજેક્ટને પણ મંજૂરી આપી છે. આ યોજના પાછળ ૨,૭૩૦ કરોડ રુપિયાનો ખર્ચ કરવામાં આવશે.

હાલમાં હેમકુંડ સાહિબની યાત્રા ગોવિંદઘાટથી ૨૧ કિલોમીટરનું પડકારજનક ચઢાણ છે. આ રોપવે પ્રોજેક્ટ ગોવિંદઘાટ અને હેમકુંડ સાહિબજી વચ્ચે દરેક મોસમમાં કનેક્ટિવિટી મળશે. આ યોજનામાં પણ પ્રતિ કલાકના ૧,૧૦૦ પ્રવાસી સિંગલ સાઈડ પહોંચી શકશે, જ્યારે રોજના ૧૧,૦૦૦થી વધુ પ્રવાસી પહોંચી શકશે.

દર વર્ષ દોઢથી બે લાખ શ્રદ્ધાળુ મુલાકાત લે છે. અહીં એ જણાવવાનું કે પંદર ફૂટની ઊંચાઈ પર હેમકુંડ સાહિબ પવિત્ર યાત્રાધામ માનવામાં આવે છે. ૧૫,૦૦૦ ફૂટની ઊંચાઈ પર ગુરુદ્વારા આવેલું છે, જે વર્ષમાં મેથી સપ્ટેમ્બર મહિના એમ પાંચ મહિના ખૂલ્લું રહે છે, જ્યારે વર્ષના દોઢથી બે લાખ શ્રદ્ધાળુ મુલાકાત લે છે, તેથી રોપ-વે પ્રોજેક્ટ શ્રદ્ધાળુ માટે આશીર્વાદ સાબિત થઈ શકે છે.

દરમિયાન કેન્દ્ર સરકારે ત્રીજો મહત્ત્વનો નિર્ણય પશુઓના આરોગ્ય માટે લીધો છે. પશુધન આરોગ્ય અને બીમારીની સારવાર માટે સરકારે ૩,૮૮૦ કરોડ રુપિયાના ખર્ચ કરવાનો નિર્ણય લીધો છે, જેમાં બે બીમારી પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

# IT નવા વર્ષમાં ડીઝીટલ એકાઉન્ટ પણ તપાસશે

### આવકવેરા વિભાગને ટેક્સ પેયરના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, ઈ-મેલ્સ, બેંક એકાઉન્ટ્સ, ઓનલાઈન ઇન્વેસ્ટમેન્ટ એકાઉન્ટ્સ, ટ્રેડિંગ એકાઉન્ટ્સ વગેરેને ઍક્સેસ કરવાનો કાયદાકીય અધિકાર આપી દેશે સરકાર




નવી દિલ્હી, તા.૫

ભારતનમાં ટેક્સ ચોરી એ મોટી સમસ્યા રહી છે, જેને કારણે સરકારની તિજોરીને મોટું નુકશાન થાય છે. અનેક કડક નિયમો છતાં ટેક્સ ચોર રસ્તાઓ શોધી કાઢે છે. એવામાં વર્તમાન કેન્દ્ર સરકાર કરચોરી રોકવા માટે કડક પગલા ભરી રહી છે. અહેવાલ મુજબ સરકારે આવકવેરા વિભાગને વધારાની સત્તા આપી છે.

એક અખબારી અહેવાલ મુજબ ૧ એપ્રિલ, ૨૦૨૬થી નવું નાણાકીય વર્ષ શરુ થતા જ આવકવેરા વિભાગને ટેક્સ પેયરના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, ઈ-મેલ્સ, બેંક એકાઉન્ટ્સ, ઓનલાઈન ઇન્વેસ્ટમેન્ટ એકાઉન્ટ્સ, ટ્રેડિંગ એકાઉન્ટ્સ વગેરેને ઍક્સેસ કરવાનો કાયદાકીય અધિકાર મળી જશે. જોકે, આવકવેરા વિભાગ આવું ત્યારે જ કરશે જ્યારે તેમને શંકા હોય કે ટેક્સ પેયર ટેસ્ક ચોરી કરી રહ્યો છે.

એક અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ, જો આવકવેરા વિભાગને લાગશે કે તમારી પાસે કોઈ અઘોષિત આવક, પૈસા, સોનું, ઝવેરાત અથવા અન્ય કોઈ કિંમતી વસ્તુ અથવા મિલકત છે, જેના પર તમે આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ મુજબ આવકવેરો ચૂકવ્યો નથી, તો આવી સ્થિતિમાં પણ આવકવેરા વિભાગ તમારા ખાતાઓની તપાસ કરી શકશે.

હાલના ઈન્કમ ટેક્સ એક્ટ, ૧૬૯૧ ની કલમ ૧૩૨ , આવકવેરા વિભાગના અધિકારીઓને સર્ચ કરવા અને સંપત્તિ અને બૂક ઓફ અકાઉન્ટ્સને જપ્ત કરવાની સત્તા આપે છે. જોકે, અધિકારીઓને આ મંજુરી ફક્ત ત્યારે જ આપવામાં આવે છે જ્યારે તેમની પાસે એવી માહિતી અને કારણ હોય કે કોઈ વ્યક્તિ પાસે એવી કોઈ અઘોષિત આવક, સંપત્તિ અથવા દસ્તાવેજો છે જેના પર આવકવેરો ચુકવવામાં આવ્યો નથી.

હાલના કાયદા હેઠળ, કોઈ કેસમાં તપાસ અધિકારીઓ પાસે ચાવીઓ ન હોય અને તેમને શંકા હોય કે કોઈ જાહેર ન કરેલી સંપત્તિ અથવા બૂક ઓફ અકાઉન્ટ્સ રાખવામાં આવ્યા છે, તો અધિકારીઓ કોઈપણ દરવાજા, બોક્સ અથવા લોકરનું તાળું તોડી શકે છે.

જ્યારે નવા આવકવેરા બિલ હેઠળ, અધિકારીઓ ફક્ત તાળા તોડી શકશે નહીં પરંતુ તમારા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, ઈ-મેલ્સ, બેંક એકાઉન્ટ્સ, ઓનલાઈન રોકાણ એકાઉન્ટ્સ, ટ્રેડિંગ એકાઉન્ટ્સ વગેરેની તમને જાણ કર્યા વિના તપાસ કરી શકશે.

# અબુ આઝમીને UP મોકલો થશે ઈલાજ : યોગી



**સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબુ આઝમી ઔરંગઝેબને લઈ કરેલ નિવેદનથી વિવાદોમાં : અખિલેશ યાદવ પર શાબ્દિક પ્રહારો**

નવીદિલ્હી, તા. ૫

સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય અબુ આઝમી મહારાષ્ટ્ર વિધાનસભામાં ઔરંગઝેબને લઈને પોતાના નિવેદનોને કારણે સતત વિવાદોમાં ફસાયા છે. બુધવારે, મુઘલ સમ્રાટ ઔરંગઝેબની પ્રશંસા કરતી તેમની ટિપ્પણી માટે તેમને વર્તમાન બજેટ સત્રના અંત સુધી મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્યપદમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ સાથે જ સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા તેમના પર આકરા પ્રહારો કરવામાં આવ્યા છે. બીજેપી નેતા સુધીર મુનગંટીવારનું કહેવું છે કે અબુ આઝમી વિરુદ્ધ બહુ ઓછી કાર્યવાહી કરવામાં આવી છે અને વધુ કરવી જોઈએ. તેમણે કહ્યું કે યોગી સાહેબ અબુ આઝમીને પાઠ ભણાવશે. સીએમ યોગીને સલામ. અબુ આઝમીને યોગી પાસે મોકલશો તો સામેની વ્યક્તિ કહેશે કે હે રામ! સુધીર મુનગંટીવારે કહ્યું કે ઔરંગઝેબ કે જેઓ તેમના પિતાના ભાઈના પુત્ર જેવા ન હતા તે અમારા આદર્શ ન હોઈ શકે.

ફડણવીસ સરકારમાં કેબિનેટ મંત્રી અને શિવસેના (શિંદે)ના નેતા સંજય શિરસાથે કહ્યું કે જ્યારે અબુ આઝમીએ ઔરંગઝેબને વખાણ્યા ત્યારે આજે તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. અમારી માંગ છે કે તેમનું સભ્યપદ સમાપ્ત કરવામાં આવે. આ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિ તેની સજા આગળ નક્કી કરશે. શિરસાથે આગળ કહ્યું- યોગીનું કહેવું સાચું છે કે તેઓ યોગી છે કે તેઓ જાણે છે કે આઝમી જેવા લોકોનો ઈલાજ કેવી રીતે કરવો. અખિલેશ યાદવ માત્ર મુસ્લિમ મતોની રાજનીતિ કરી રહ્યા છે.

મહારાષ્ટ્રના રાજ્ય મંત્રી ચંદ્રકાંત પાટીલે બુધવારે ગૃહમાં અબુ આઝમીને સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. શાસક પક્ષના સભ્યોએ કહ્યું કે ઔરંગઝેબના વખાણમાં આપેલું નિવેદન મરાઠા રાજા છત્રપતિ શિવાજી મહારાજ અને તેમના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજનું અપમાન છે. ઔરંગઝેબની પ્રશંસા કરતી અને સંભાજી મહારાજની ટીકા કરતી આઝમીની ટિપ્પણીઓ એસેમ્બલીના સભ્ય માટે અયોગ્ય છે અને એસેમ્બલીનું અપમાન છે, પાટીલે જણાવ્યું હતું કે તેમની ટિપ્પણીઓને કારણે મંગળવારે રાજ્યની વિધાનસભાના બંને ગૃહોમાં હોબાળો થયો હતો, શાસક પક્ષના સભ્યોએ તેમની સામે સસ્પેન્શન અને રાજદ્રોહના આરોપો દાખલ કરવાની માંગ કરી હતી.

# IPSની અભિનેત્રી પુત્રી ૧૪ કિલો સોનાની દાણચોરીમાં ઝડપાઈ

### અભિનેત્રી રાન્યા કર્ણાટક પોલીસના DGP રામચંદ્ર રાવની પુત્રી છે



બેંગલુરુ, તા.૫

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સએ બેંગલુરુના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોનાની દાણચોરીના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. અધિકારીઓએ ૧૪ કિલો વિદેશી સોનું સહિત ૪.૭૩ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં બેંગલુરુ પોલીસ ડીજી રામચંદ્ર રાવની દીકરી અને સાઉથની એક્ટ્રેસ રાન્યા રાવની ધરપકડ કરવામાં આવી છે. તેના પર દાણચોરીના નેટવર્કમાં સંડોવણીનો આક્ષેપ છે.

તપાસનીશ અધિકારીઓએ જણાવ્યું હતું કે અભિનેત્રી રાન્યા રાવે મોટાભાગનું સોનું શરીર પર પહેર્યું હતું અને તેણે અન્ય સોનાને છુપાવ્યું હતું. અભિનેત્રી રાન્યા આઈપીએસ રામચંદ્ર રાવની દીકરી છે, જે હાલમાં કર્ણાટક પોલીસના ડીજીપી હાઉસિંગ કોર્પોરેશન તરીકે સેવા આપી રહ્યા છે. હાલ ડીઆરઆઈના અધિકારીની તપાસ અભિનેત્રીને સોનાની દાણચોરીમાં પોલીસ કે અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓ તરફથી કોઈ મદદ મળી રહી હતી કે કેમ તે દિશામાં છે. ડીઆરઆઈએ ની તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે અભિનેત્રી છેલ્લા ૧૫ દિવસમાં ચાર વખત દુબઈ ગઈ હતી અને તે બાબતથી એજન્સીને શંકા જાગી હતી. તેમની ૧૪.૮ કિલો સોનું જપ્ત થયું હતું. આ સોનાની બજાર કિંમત લગભગ ૧૨ કરોડ રૂપિયા છે.

શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## મહિલા દિવસ વાંચન વિશેષ

### ચાહે પૂર્વની હોય યા પશ્ચિમની, દરેક મહિલાની માંગ ભેદભાવ મુક્ત પ્રેમની હોય છે



૮ માર્ચ એ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે! એ તો બધાને ખબર હશે, પણ આ દિવસ ઉજવવાનું શું કામ શરૂ થયું! અને એની માટે કોણ જવાબદાર છે! એ વિશે કદાચ કોઈને ખબર ન પણ હોય તો, એક સદી ઉપરથી મહિલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ૧૯૦૮ મા ક્લેરા જેટકીન નામની મહિલા એ મહિલા દિવસનો પાયો નાખ્યો હતો, જ્યારે લગભગ પંદર હજાર મહિલાઓએ ન્યૂયોર્ક શહેરમાં એક પરેડ કાઢી હતી. તેમની માંગ હતી કે મહિલાઓના કામના કલાકો ઘટાડવા જોઈએ,પગાર સારો હોવો જોઈએ અને મહિલાઓને પણ મતદાનનો અધિકાર મળવો જોઈએ,! અને એક વર્ષ પછી, અમેરિકાની સમાજવાદી પાર્ટીએ આ વાતને અનુમોદન આપ્યું અને એ રીતે પ્રથમ રાષ્ટ્રીય મહિલા દિવસ મનાવવાની જાહેરાત કરી. એટલે ૧૯૧૦ થી ૮ માર્ચ એ મહિલા દિવસ ઉજવવામાં આવે છે. ક્લેરા જેટકીન ડાબેરી કાર્યકર હતાં. તેઓ મહિલાઓના અધિકારો માટે અવાજ ઉઠાવતાં હતાં. તેમણે ડેનમાર્કની રાજધાની કોપનહેગનમાં કાર્યકારી મહિલાઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં ૧૯૧૦માં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવાનું સૂચન કર્યુ હતું.તે કોન્ફરન્સમાં ૧૭ દેશોમાંથી ૧૦૦ મહિલાઓ સામેલ થયાં હતાં અને તેમણે સર્વાનુમતે ક્લેરાના સૂચનને સ્વીકારી લીધું. પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૧૯૧૧માં ઑસ્ટ્રિયા, ડેનમાર્ક, જર્મની અને સ્વિટ્ઝર્લેન્ડમાં ઉજવવામાં આવ્યો હતો, અને આજે હું જર્મનીમાં જ છું.

આશ્ચર્યની વાત તો ત્યાં છે કે આજે મહિલા દિવસને રાજકારણમાં કે અન્ય ક્ષેત્રે મહિલાઓની પ્રગતિના દિવસ તરીકે ઉજવવામાં આવે છે, પણ હકીકતમાં આ દિવસનો ઉદભવ એક આંદોલનમાંથી શરૂ થયો હતો! પશ્ચિમની સંસ્કૃતિની મોર્ડન સ્ત્રીને જોઈએ તો આપણને એમ થાય કે એને કોઈ પાબંદી નહીં હોય! પણ આની પરથી એકવાત સ્પષ્ટ થાય છે કે, પૂરાં વિશ્વમાં મહિલાને પુરુષ કરતાં ઉણી ગણવામાં આવે છે! અને એને એને માન સન્માન અપાતું નથી, હાલાકી એ સત્ય નથી! કારણ કે એક પુરુષને નવ મહિના ગર્ભમાં ધારણ કરી જન્મ દેનારી એક મહિલા છે! એને પોતાનું દૂધ પીવરાવી પોષણ આપનાર એક મહિલા છે! એને યોગ્ય સંસ્કાર આપી ઉછેરનાર એક મહિલા છે! સાચું સારું સમજાવનાર એક મહિલા જ છે. એનો મતલબ પિતા માનનાં અધિકારી નથી એવું કહેવાનો બિલકુલ નથી! પણ એ જ પુરુષ જ્યારે એને સન્માન આપવામાં ઉણો ઉતરે તો એ વ્યાજબી નથી.

દરેક પુરુષ એ જાણે જ છે કે, એક દિવસ પણ મહિલા વગર કાઢવો કેટલો મુશ્કેલ છે, કે અહીં મહિલા વગર જીવન અશક્ય છે. ભારતીય સંસ્કૃતિમાં મહિલાને દુર્ગા, દેવી, આર્ય નારી, શક્તિ એવા બધાં ઉપનામથી નવાજવામાં આવી છે, અને તે પૂજાને યોગ્ય છે, એવું પણ કહેવામાં આવે છે. પરંતુ આવી બધી વાતો કરીએ, તો આધુનિક પેઢી કદાચ નારાજ થાય,અને કહે કે એવું સમજી વિચારીને અમને ઘરમાં પૂરી રાખવામાં આવતી હતી. ક્યાંક નાત જાતના નામે, ક્યાંક મર્યાદાને નામે, તો ક્યાંક ચરિત્રના રક્ષણ માટે થઈને, પણ સ્ત્રીઓની અમુક રીતે સંભાળ રખાતી હોય છે. પણ એ દોર ચાલ્યો ગયો, અને મહિલા ઓનાં જીવનનો નવો દોર શરૂ થયો, જેમાં એ પણ દરેક કાર્ય કરવાં સક્ષમ છે, તેવું તેણે સાબિત કર્યું, અને દરેકે દરેક ક્ષેત્રમાં એ સફળ પણ થઈ, પણ શું ખરેખર આધુનિક નારી સફળ કે અસફળ? કદાચ સક્ષમ હોઈ શકે, સફળ હોઈ શકે, પરંતુ દરેક નિર્ણય લેવાં માટે સ્વતંત્ર નથી હોતી,તો ક્યાંક સક્ષમ હોય,સફળ હોય,અને સ્વતંત્ર પણ હોય તો સુરક્ષિત તો નથી જ.તો દરેક મહિલાને એક પ્રશ્ન થાય કે આવું બધું ક્યાં સુધી!! આશ્ચર્યની વાત તો, ત્યાં છે કે ઘર બહાર તો એ સુરક્ષિત નથી જ, પણ ક્યારેક અને ક્યાંક તો સ્ત્રી ઘરમાં પણ સુરક્ષિત નથી, અને આ પરિસ્થિતિ ફક્ત ભારતમાં નથી, અહીં પણ છે! એટલે કે અત્યંત મોર્ડન ગણાતા યુરોપના કન્ટ્રીમા પણ ડોમેસ્ટિક વાયલન્સ અને આવી બાબતોમાં આસાનીથી મર્ડર થતાં હોય છે. તો વિચારવા જેવો પ્રશ્ન છે, કે વાંક કોનો છે? અને એનું કારણ પણ બહુ જ આશ્ચર્ય ચકિત કરી દે તેવું છે, કે અહીં મહિલાને તેની સામે એકલા પુરુષનો મુકાબલો કરવાનો હોતો નથી, ક્યાંક ક્યાંક તો તેની સામે એક મહિલા જ દુશ્મન તરીકે ઉભી હોય છે, અને એ પણ મોટેભાગે અંગત સ્વજન જ હોય છે. એટલે જ્યાં સુધી સ્ત્રી સશક્તિકરણ નહીં થાય ત્યાં સુધી આવાં દિવસોની ઉજવણી નિરર્થક છે.

છેલ્લા બે દાયકાની વાત કરીએ તો સમાજનો લગભગ દરેક વર્ગ હવે સ્ત્રી શિક્ષણમાં માનનારો થઇ ગયો છે, અને પોતાની દીકરીને નિશાળે મોકલવા સુધીની જાગૃતિ સૌમાં આવી ગઈ છે. પહેરવેશની દ્રષ્ટિએ પણ પુરુષે સ્ત્રીઓના પહેરવેશ અમુક કક્ષાએ સ્વીકારી લીધા છે, અને લગભગ બધા ઘરોમાં અમુક છૂટ મળી ગઈ છે, તો સાસરવાસી દીકરીઓને પણ અમુક પ્રકારની છૂટ મળે છે. સ્ત્રીઓ કાર્યક્ષેત્રની રીતે હવે માત્ર ગૃહિણી બનીને ઘરમાં બેસતી નથી, અને વર્કિંગ વુમન તરીકે દરેક ક્ષેત્રમાં અત્યારે કામ કરી રહી છે, તે રસોઈ અન્ય પાસે કરાવે એ બાબતે પણ સમાજ સવીકારતો થઈ ગયો છે. તો આપણે ક્યાં સુધી સમાજનો દોષ કાઢીશું? એ વાત પણ જરાક વિચારવા જેવી છે, એટલે કે અંદરોઅંદર જ્યાં સુધી એકતા બહુ જરૂરી છે. ટૂંકમાં પુરુષ ની હોય કે સ્ત્રીની વિકૃતિના પરિણામે આજની મહિલા શોષિત થાય છે, અને સુરક્ષિત નથી.

ભારતીય સમાજની બીજી એક માનસિકતા એવી છે કે એને મૂર્તિ સ્વરૂપે શક્તિની પૂજા અર્ચના કરવી છે,પરંતુ જીવંત શક્તિને સદાય અવગણવું અથવા તો સમાન સ્તરની તેની માંગ ઠુકરાવીને તેને પોતાનું પ્રાધાન્ય સ્થાપવું છે. અહંકાર કે અભિમાન કે પછી આગ્રહવશ આ બધું સદીઓથી ચાલતું આવે છે,પણ ક્યાં સુધી!!! કોઈ સ્ત્રી પોતાની પૂજા થાય એ મતની નથી હોતી, બસ માત્ર તેને પણ લાગણીથી સ્વીકારવામાં આવે, એટલી જ વાત તેઓની હોય છે, તેઓ એ પ્રેમના અધિકારી છે, તે પણ સમાજમાં મુક્ત રીતે હરી ફરી શકે, સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકે,અને દરેક જગ્યાએ પોતાનો પક્ષ મુકી શકે બસ આટલી નાની અમથી વાત છે.

પરિવાર માથે સંકટ તોળાય તો ઘરની મહિલાઓ પોતાના દર દાગીના કે અંગત રુપિયા આપી દેતા પણ અચકાતી નથી,એ વાત સૌ કોઈ અનુભવ સાથે જાણે છે. તો સમર્પણમાં કમી ન હોવા છતાં, આ રીતનો વ્યવહાર શું કામ ? એ પ્રશ્ન તો થાય જ. આપણે ત્યાં તો પતિની ખરાબ આદતોને પણ સ્ત્રીઓએ સ્વીકારીને પરિવાર ચલાવવા માટે મજૂરી પણ કરી હોય, રાત્રે દારૂ વગેરેનું વ્યસન કરીને ઘરે પાછો આવી, ઘરની સ્ત્રીને મારઝૂડ કરે, અને સવારે એ જ સ્ત્રી એની માટે રોટલો બનાવે, આવા દ્રશ્યો તો ભારતીય સંસ્કૃતિમાં જ જોવા મળે! એટલે કે આટલું સમર્પણ હોવા છતાં, સમાજ સ્ત્રી પાસેથી હજી કઈ વધુ અપેક્ષા રાખે છે,કે તેનું આજ સુધી શોષણ થવાનું બંધ થયું નથી!

હવે મહિલા દિવસની ઉજવણી કરતા પહેલા આ બધા સવાલોના જવાબ મેળવવા બધી મહિલા એક થઈ સશક્તિકરણ માટે આગળ આવે ઘર પરિવારથી શરૂ કરી અંદરોદર એક બોન્ડ બનાવે, કે જેને કોઇ કાપી ન શકે. દિકરી ઓને માત્ર શિક્ષણ નહીં પરંતુ આત્મ નિર્ભર બનાવે, ડિફેન્સની પણ તાલીમ આપે, જેથી કરીને સમાજ કે સરકાર કોઈ પાસે ન્યાય માંગવાની જરૂર જ ન રહે, પરંતુ દરેકે મર્યાદાના સંસ્કાર ચુકાય નહીં તેનું પુરેપુરું ધ્યાન રાખવું, એટલે કે સમયે દુર્ગા બનવું, બાકી મા અન્નપૂર્ણા બની સદા પરિવારનું પોષણ પણ કરવું.એકવીસમી સદીમાં ભારત પણ આ બાબત આગળ ચાલી રહ્યો છે, દ્રૌપદી મુર્મૂ અને નિર્મલા સીતારામન ને મીનીસ્ટરીમાં મહત્વના સ્થાન આપી અને એક ઉજ્જવળ ભારત ઘડવાની તક એમને આપવામાં આવી છે. આપણે સૌ આશા રાખીએ કે આ એકવીસમી સદી મહિલાઓ માટેનો સુંદર સમયે લાવે, અને જ્યાં એ આજ સુધીની એની તમામ લાગણી મુક્ત રીતે વહાવી શકે. જય હિન્દ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

મોરબીના મૂળ માલિકની મિલકત દોઢ કરોડમાં વેંચી આપવાના બહાને ભાજપના કાર્યકર સહિત બે જણાએ અગાઉ કોર્પોરેટર પાસેથી ૨૧ લાખ પડાવ્યા'તાઃ હવે બીજી ઠગાઇ આચરી

# નેતાએ ગાળીયો પરોવ્યોઃ મંદિરના પૂજારીને લગાવ્યો એક કરોડનો ચૂનો

## મંદિરને લગોલગ આવેલી જમીનના સોદાના નામે રોકડા ચુકવી દીધા પછી પૂજારીને ખબર પડી કે આ જમીન તો અગાઉ જ વેંચી દેવાઇ હતી

રાજકોટઃ છેતરપીંડીના બનાવો તો રોજબરોજ બનતા રહે છે પરંતુ કોઇ નેતા જ્યારે આ પ્રકારના ગુના આચરે ત્યારે ચકચાર મચી જતી હોય છે. એક બનાવમાં દોઢ કરોડની જમીન વેંચાણ આપવના નામે ભાજપના નેતા સહિતના બે જણાએ એક પુજારી સાથે એક કરોડથી વધુનું ફ્રોડ કરી લેતાં વાત પોલીસ સુધી પહોંચતા એફઆઇઆર દાખલ કરી બંનેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. બીજી તરફ ત્રણ કરોડથી વધુની છેતરપીંડીમાં સામેલ આરોપીને પકડી લેવાયો છે. જેણે ફળોના વેપારમાં રોકાણ અને પચાસ ટકા ભાગીદારીની લાલચ આપી ઠગાઇ કરી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વડોદરા નજીક આવેલ સુખલીપુરા ખાતે આવેલી જમીન દોઢ કરોડ રૂપીયામાં વેચાણ આપવાના બહાને વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન અને ભાજપના નેતા દિલીપસિંહ ગોહિલ સહિત કમલેશ દેત્રોજાએ મળીને પૂજારી પાસેથી એક કરોડ ચાર લાખ રૂપિયા પડાવી લીધા હતા અને જમીનનો દસ્તાવેજ પણ કરી આપ્યો નહોતો. આ મામલે બંને આરોપી સામે વડોદરા ક્રાઇમ બ્રાંચમાં ફરિયાદ નોંધાઈ છે. વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ભાણીયારા ગામમાં રહેતા રમેશભાઇ અરવીંદભાઇ પટેલ નામના વૃધ્ધે જણાવ્યું છે કે હું આ અંબે માતાના મંદીરે પુજા-પાઠ કરું છું, તે મંદીરની બાજુમાં દિલીપસીહ ગણપતસિંહ ગોહીલ (રહે.રામા પેલેસીયો, ઈસ્કોન હેલીટેટ પાસે, ન્યુ અલ્કાપુરી, ગોત્રી)ની જમીન આવેલ છે અને દિલીપસિંહ મારા મંદીરે અવાર નવાર દર્શનાર્થે આવતાં હતા, જેથી હું તેમને છેલ્લા પચ્ચીસ વર્ષથી ઓળખું છું.

દરમિયાન દિલીપસીંહ વર્ષ ૨૦૧૫માં તેમની આ મારા મંદીરની બાજુમાં આવેલ સુખલીપુરા ગામ ખાતેની જમીન અમૃતલાલ નરભેરામ પરંચા (રહે. અમરેલી)ને વેચાણ આપેલી છે. જે જમીનનો વહીવટ કમલેશભાઇ લાલજીભાઇ દેત્રોજા (રહે. વાત્સલ્ય કુંજ, નારાયણ વાડી પાસે, અટલાદરા, વડોદરા) કરે છે અને તેઓ પણ અવારનવાર આ જમીન ઉપર તથા અંબે માતાના મંદીરે આવતા જતા હતા અને હું તેમને પણ સારી રીતે ઓળખતો હતો.મારે અંબે માતાના મંદીર માટે જમીન વેચાણ લેવાની હતી, જેથી આ વાત મે દીલીપસિંહ ગોહિલને કહી હતી, જેથી બાદમા




### ફળોના વેપારમાં રોકાણ, ભાગીદારીના નામે ત્રણ કરોડની ઠગાઈમાં પરેશ પટેલ પકડાયો

ડિસેમ્બરમાં દીલિપસિંહે મને ફોન કરી સમા સાવલી રોડ ઉપર આવેલ અજીતાપાર્કની સામે આવેલ કિરીટભાઈ શાહની ઓફીસની બહાર ચા નાસ્તાની લારી પાસે બોલાવ્યો હતો અને હું ત્યાં ગયો હતો.

ત્યારે ત્યાં કમલેશભાઈ દેત્રોજા પણ હાજર હતા અને અમારા ત્રણેય વચ્ચે આ જમીનની ખરીદ-વેચાણ અંગેની વાતચીત શરૂ થઈ હતી. તે દરમિયાન તેઓએ મને કહ્યું હતું કે, અંબે માતાના મંદીરની બાજુમાં આવેલ સુખલીપુરા સર્વે નંબર ૨૧૫ની જમીનનો વહીવટ કમલેશભાઈ દેત્રોજા કરે છે અને આ જમીનના મુળ માલીક અમરેલીના અમૃતલાલ નરભેરામ પરેચા કરે છે. આ જમીનનો તમામ પ્રકારનો વહીવટ કરવા તથા કારોબાર સંભાળવા માટેની પાવર ઓફ એટની કમલેશભાઈ દેત્રોજાને કરી આપી છે. ત્યારબાદ કમલેશભાઈએ મને આ પાવર ઓફ એટર્નીની નકલ મને વાંચવા માટે આપી હતી. મે નકલ વાંચી લીધા બાદ આ પાવર ઓફ એટર્નીની નકલ પરત લઈ લીધી હતી અને મને કહ્યું હતું કે, આ પાવર ઓફ એટનીની ઝેરોક્ષ નકલ કાઢી પછીથી તમને આપીશ તેમ જણાવી મને આ બન્નેએ કહ્યું હતું કે, આ જમીન અમુતલાલ નરભેરામ પરચાને વેચવાની છે.

જેથી મને તેઓ બંન્ને ઉપર વિશ્વાસ આવતાં આ જમીન મે દોઢ કરોડ રૂપીયામાં વેચાણ રાખવાનું નક્કી થયુ હતું અને મે આ જમીનના ૧.૦૪ કરોડ રૂપીયા આપ્યા હતા અને બાકીના ૪૫.૮૩ લાખ રૂપીયા દસ્તાવેજ સમયે આપવાનું નક્કી કર્યું હતું. મે તેઓને ૧.૦૪ કરોડ ચુકતે કરી દીધા હોવા છતાં અવાર નવાર જમીન વેચાણ દસ્તાવેજ કરી દેવા માટે કહેતા હતા. તેઓ બન્નેએ મને આ જમીનના મુળ માલીક અમૃતલાલ નરભેરામ પરેચા બીમાર છે. થોડા સમયમાં કરી આપીશું. તેમ કહીને બહાના બતાવતા હતા. ત્યાર બાદ બન્ને આરોપીઓને મેં અવાર નવાર જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપવા ફોનથી તેમજ રૂબરૂમાં કહેતા અલગ અલગ બહાના બતાવવા લાગ્યા હતાં અને દસ્તાવેજ કરવા બાબતે આનાકાની કરવા લાગ્યા હતા, જેથી આ બાબતે મને શંકા જતાં મે વધુ તપાસ કરતા મને જાણવા મળ્યું હતું કે, આ જમીન તેઓએ પરાક્રમસિંહ જાડેજાને તા. ૧૯/૧૧/૨૦૨૪ના રોજ વેચાણ કરી દીધો છે. ત્યારબાદ આ મામલે દિલીપસિંહ ગોહિલ અને કમલેશ દેત્રોજા સામે ડીસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા મોરબીના મૂળ માલિકની સુખલીપુરા ખાતે આવેલી મિલકત રૂ.૧.૪૫ કરોડમાં વેચાણ આપવાના બહાને ભાજપના કાર્યકર દિલીપસિંહ ગોહિલ સહિત બે શખ્સોએ દ્વારા ભાજપના કોર્પોરેટર પરાક્રમસિંહ જાડેજા પાસેથી ૨૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા. બંનેએ માલિકના બદલે બોગસ વ્યક્તિને વેચાણ દસ્તાવેજ વખતે હાજર રાખી સહી પણ તેની પાસે કરાવી હતી. પરંતુ માલિકને આપેલો ચેક જમા નહી થતાં પરાક્રમસિંહ જાડેજાને શંકા ગઇ હતી અને બંને જણાનો ભાંડો ફુટ્યો હતો. કોર્પોરેટરે સમા પોલીસ સ્ટેશનમાં ભાજપના કાર્યકર્તા સહિત ત્રણ આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં આરોપી ભાજપ નેતા દિલીપસિંહ ગોહિલ હજુ ફરાર છે અને આજે વધુ એક ફરિયાદ વડોદરા ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાતા ચકચાર જાગી છે.

બીજી તરફ સુરતમાં ત્રણ કરોડથી વધુ રકમની છેતરપિંડી કરી એક વર્ષથી પોલીસની નજરથી દૂર રહેતો આરોપી પરેશ વલ્લભભાઈ પટેલને સુરત શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા જહાંગીરપુરા વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. આ કેસમાં વેસુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી, જેમાં આરોપી પરેશ પટેલે ફળોના વેપારમાં રોકાણ અને ૫૦ ટકા ભાગીદારીની લાલચ આપી લાખો રૂપિયા ઉઘરાવ્યા હતા. ફરિયાદી શૈલેષભાઈ બાબુલાલ ભટ્ટના વેસુ સ્થિત મકાન પર જઈ, પરેશ પટેલે ફળોના વેપારમાં રોકાણ કરાવવાની લાલચ આપી હતી. તેણે સફરજન, લીંબુ, અંજીર જેવા ફળો વેચવાનો ધંધો શરૂ કરી ફરીયાદી પાસેથી ૯૪ લાખ રોકડ તેમજ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા લીધા હતા. આરોપીએ આ રોકાણ પર મૂળમુદલ અને નફાનું કુલ ૩ કરોડથી વધુ ચૂકવવાનું હતું, પરંતુ તે રકમ પરત ન કરીને નાશી ગયો હતો.

ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે પરેશ પટેલ મોરા ભાગળ-જહાંગીરપુરા વિસ્તારમાં જોવા મળ્યો છે. આ બાતમીના આધારે પોલીસ ટીમે દરોડો પાડી પરેશ પટેલને ઝડપી લીધો હતો. આ જ આરોપી મુંબઈમાં પણ સમાન પ્રકારની છેતરપિંડીમાં સામેલ હતો. તેણે મુંબઈના મોહમદ શેખ પાસેથી ફળોના વેપારમાં રોકાણ કરાવવા અને ભાગીદારી આપવાની લાલચ આપી લાખો રૂપિયા પડાવ્યા હતા.

એ ત્રણ લોકોના મોત લઠ્ઠાકાંડથી નહોતા થયા, ત્રણેયને ઝેરી જીરાસોડા પાઇ પતાવી દેવાયા'તા

# શિક્ષકનો અખતરો ખતરો બન્યોઃ ત્રણ નિર્દોષની થઇ હતી હત્યા

## શિક્ષકે પોતાના પર જુનો કોર્ટ કેસ હોઇ કંટાળી આપઘાત માટે ઝેરી પદાર્થ ઓનલાઇન મંગાવ્યો હતોઃ પણ આ પદાર્થ શું અસર કરે તે જોવા મુકબધીર પડોશીને જીરા સોડામાં સોડિયમ નાઇટ્રિટ ભેળવીને આપેલુઃ પડોશીએ બીજા બે મિત્રો સાથે મળી સોડા પીધી અને ત્રણેયના ટપોટપ મોત થયા હતાંઃ પોલીસે એક પછી એક કડી મેળવી મિસ્ટ્રી ઉકેલી

રાજકોટઃ થોડા દિવસો પહેલા એક સાથે ત્રણ લોકોના મોત થયા હતાં. આ ઘટનાને પગલે લઠ્ઠાકાંડ સહિતની ચર્ચાઓ વહેતી થઇ હતી. જો કે આ બનાવ આકસ્મિક મૃત્યુ કે લઠ્ઠાકાંડનો નહોતો પણ હત્યાનો હોવાનો ઘટસ્ફોટ પોલીસ તપાસમાં થયો છે. એક શિક્ષકને પોતાને પોતાના પર ચાલી રહેલા કેસને કારણે કંટાળીને આપઘાત કરવો હોઇ આપઘાત કરવા માટે તેણે ઓનલાઇન સોડીયમ નાઇટ્રેટની ખરીદી કરી હતી. પછી આ પદાર્થ કેવી અસર કરે છે? પીવાથી કેટલીવારમાં મૃત્યુ થઇ શકે? તે જાણવા તેણે જીરા સોડામાં આ પદાર્થ ભેળવી મુકબધીર પડોશીને આપી હતી. પડોશીએ પોતાના બે મિત્રો સાથે મળી આ સોડા પીધી હતી અને ત્રણેયના ધડાધડ મૃત્યુ થઇ ગયા હતાં! આ ઘટનામાં ટ્રીપલ હત્યાના આરોપી એવા શિક્ષકને પોલીસે દબોચી લીધો છે.

ખળભળાટ મચાવતી આ મિસ્ટ્રી પર નજર કરીએ તો અઠ્ઠાવીસ દિવસ પહેલા નડીયાદમાં બનેલી ત્રણ વ્યક્તિઓના મોતની ઘટનામાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે એક શિક્ષકે આ હત્યાકાંડને અંજામ આપ્યો હતો. આરોપી હરિકિશન મકવાણાએ આપઘાત કરવા એમેઝોન પરથી સોડિયમ નાઇટ્રાઇટ મંગાવ્યું હતું. તેણે આ ઝેરી પદાર્થનો -ોગ પોતાના મૂકબધિર પાડોશી કનુભાઈ ચૌહાણ પર કર્યો હતો. આરોપીએ જીરા સોડાની બોટલમાં આ ઝેર ભેળવ્યું હતું. ગત ૯ ફેબ્રુઆરીની સાંજે જવાહરનગર રેલવે ફાટક પાસે કનુભાઈએ આ બોટલ તેમના બે મિત્રો સાથે શેર કરી હતી. ત્રણેયની તબિયત લથડતાં ગણતરીના સમયમાં જ તેમનું મૃત્યુ થયું હતું. નડિયાદ ટાઉન પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ગણતરીના દિવસોમાં જ પોલીસે આ કેસનો ભેદ ઉકેલીઆરોપી શિક્ષક હરિકિશન મકવાણાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

વધુ વિગતો જોઇએ તો નડિયાદમાં જીરા સોડા પીધા બાદ ત્રણ વ્યક્તિઓની તબીયત લથડી હતી. ત્રણેયના ગણતરીના સમયમાં જ મોત નિપજ્યા હતા. આ મામલે નડિયાદ ટાઉન પોલીસે જે તે સમયે અપમૃત્યુ અને પોસ્ટમોર્ટમ બાદ મોત ઝેરી અસરથી થયાનું ખુલતાં અજાણ્યા સામે હત્યાનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ



શરૂ કરવામાં આવ્યો હતો. ફરિયાદના ગણતરીના દિવસોમાં જ પોલીસે આ હત્યાકાંડ પરથી પડદો ઉચક્યો છે અને સમગ્ર કેસનો પર્દાફાશ કર્યો છે. મૃત્યુ પામનાર મુક બધિર કનુભાઈ ચૌહાણના પાડોશી શિક્ષક હરિકિશન મકવાણા દ્વારા આ સમગ્ર કાંડ આચરવામાં આવ્યો હોવાનો ખુલાસો થયો હતો. પોલીસે આરોપી સરકારી શિક્ષકને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં હત્યારા શિક્ષકે પોતાના આત્મહત્યા માટે એમેઝોન પ્લેટફોર્મ પરથી સોડિયમ નાઈટ્રાઈટ મંગાવ્યું હોવાનું અને જેના અખતરારૂપે જીરા સોડાની બોટલમાં ભેળવી પાડોશી મૃતક મૂકબધિરને ટાર્ગેટ કર્યો હતો.

પરંતુ આ મુક બધિર કનુભાઈએ આ સોડા એકલા પીવાને બદલે પોતાના બે મિત્રોને પણ પીવડાવી હતી અને ત્રણેયના ટપોટપ મોત થઇ ગયા હતાં. જવાહરનગર રેલવે ફાટક પાસે ત્રણ વ્યક્તિઓએ જીરા સોડા પીધા બાદ તબિયત લથડી હતી. યોગેશ ગંગારામ કુશવાહ (ઉ.વ.૪૫, રહે.આઈકોન સોસાયટી, લ્ચ્ભ કેમ્પની પાછળ, નડિયાદ), કનુભાઈ ધનાભાઈ ચૌહાણ (ઉ.વ.૫૪, રહે.જલારામનગર સોસાયટી, નડિયાદ) અને રવિન્દ્રભાઈ જીણાભાઈ રાઠોડ (ઉ.વ.૪૯, રહે. જવાહરનગર, નડિયાદ) નામના વ્યક્તિઓની તબિયત લથડી હતી. આ ત્રણેય વ્યક્તિઓના ગણતરીના સમયમાં મૃત્યુ નિપજ્યાં હતા. ટપોટપ ત્રણ વ્યક્તિઓના મોત બાદ લઠ્ઠાકાંડની શક્યતા તેજ બની હતી. કારણ કે મૃતકોના પરિવારજનોએ ખુદ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે,આ ત્રણેય વ્યક્તિઓ દારૂની ટેવ ધરાવે છે. બીજી તરફ પોલીસે આ બાબતે તપાસ શરૂ કરી હતી. સૌપ્રથમ આ ત્રણેય મૃતકોના પીએમ કરવામાં આવ્યા હતા. તેમજ મૃતકોના બ્લડ સેમ્પલ જલ્નમાં મોકલવામાં આવ્યા હતા.

જેમાં આ બ્લડ સેમ્પલમાં મિથાઈલ આલ્કોહોલની હાજરી બિલકુલ જણાઈ આવી નહોતી, આથી પોલીસ લઠ્ઠાકાંડની વાતને નકારી હતી. બીજી બાજુ પીએમ રિપોર્ટમાં પણ -બેબલ કોઝ ઓફ ડેથ એટલે કે કાર્ડિયા રેસ્પીરેટરી એરે હોવાનું જણાઈ આવ્યું હતું. પોલીસે મોતનું ચોક્કસ કારણ મેળવવા મૃતકોના વિસેરા રિપોર્ટ તૈયાર કરી જલ્નમાં મોકલી આપ્યો હતો. જેમાં જે જીરા સોડા પીધી હતી, તે બોટલ ઉપરાંત સીલ બંધ કંપનીની અન્ય બોટલો અને મરણ જનાર વ્યક્તિઓના તે સમયે પહેરેલા કપડાં તેમજ ઉલટીના નમૂના ભેગા કરી તપાસ અર્થે મોકલી આપ્યા હતા. આ ઉપરાંત મૃતકોને જીરા સોડા પીતા સમય નજરે જોનાર સાક્ષીઓના નિવેદનો લીધા હતા.

જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અલગ અલગ ટીમો બનાવી વિવિધ દિશામાં તપાસ હાથ ધરી હતી. જેમાં બનાવ સ્થળની જગ્યાએ આજુબાજુ વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવી સાચી હકીકત મેળવવા પોલીસે પ્રયાસ હાથ ધર્યો હતો. દરમિયાન એફએસએલ દ્વારા વિસેરાનો રિપોર્ટ પોલીસને આપવામાં આવ્યો હતો. જેમાં આ મરણ જનાર ત્રણેય વ્યક્તિઓના વિસેરામાં તેમજ જીરા સોડા પીધેલી હતી, તે ખાલી બોટલમાં તેમજ બનાવ વાળી જગ્યાએથી લીધેલા ઉલ્ટીવાળા કોટન ગેજમાંથી તથા મરણ જનારના કબજે લીધેલા કપડાં વગેરે મુદ્દામાલના નમૂનામાં સોડિયમ આયન નામના ધન મુલક અને નાઈટ્રાઈટ આયન નામના ઋણ મૂલની હાજરી મળી આવી હતી. રિપોર્ટ બાદ પોલીસે અજાણ્યા સામે હત્યાનો ગુનો નોંધી ફરિયાદ દાખલ કરી હતી. પોલીસે પ્રબળ શંકા દર્શાવી હતી કે, મરણ જનાર ત્રણેય વ્યક્તિઓ પૈકી કોઇ એક વ્યક્તિએ અથવા ત્રણેય મરણ જનાર વ્યક્તિઓ સિવાય અન્ય કોઇ ઈસમે મરણ જનાર ત્રણેય વ્યક્તિઓને આ ઝેરી દ્રવ્ય પિવડાવ્યુ હોઇ શકે.

તપાસ દરમિયાન ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. જેમાં આ હત્યા કાંડનો ભેદ ઉકેલાયો છે. પોલીસે આ બનાવમાં મૃતક મૂકબધિર કનુભાઈ ચૌહાણના પાડોશી શિક્ષક હરિકિશન મકવાણાની ઉલટ તપાસ હાથ ધરી હતી. જેમાં તે ભાંગી પડ્યો હતો અને પોતે મુક બધિર કનુભાઈ ચૌહાણને અખતરારૂપ જીરા સોડાની બોટલમાં ભેળવી આ પદાર્થ આપ્યો હોવાની કબૂલાત કરી છે. પોલીસની પુછપરછમાં હરિકિશનભાઈ સતત તણાવમાં હોય અને અગાઉ થયેલા કોર્ટ કેસની મુદતોને લીધે જીવનથી થાકી ગયેલા હોય પોતે આત્મહત્યા કરવાના આશયથી માત્ર અખતરારૂપે એટલે કે કેવુ રિએક્શન આવે છે, તે જાણવા મૂકબધિર કનુભાઈ ચૌહાણને ટાર્ગેટ કર્યા હતા. જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ જણાવ્યું કે, હત્યારા આરોપી હરિકિશન મકવાણા છેલ્લા વીસ વર્ષથી શિક્ષકની નોકરી કરે છે. થોડા વર્ષો અગાઉ જ તેઓની બદલી ખેડા જિલ્લામાં થયેલી હતી અને હાલ સણાલી પ્રાથમિક શાળામાં નોકરી કરે છે. પત્નિ પણ નોકરી કરે છે. હરિકિશન વિરુદ્ધમાં અગાઉ પાટણમાં કોઈ ગુનો દાખલ થયેલો હતો, જે ગુનો હાલ કોર્ટમાં જે જેને લઈને હરિકિશન પોતે સતત તણાવમાં રહેતા હતા અને આત્મહત્યાના વિચારો આવતા હતા.

તો વળી આત્મહત્યા બાદ વિમા કંપનીના નિયમ મુજબ નાણાં મળે નહીં, જેથી પરિવાર આર્થિક સંકડામણ આવે, તે વિચારીને હરિકિશને ગત ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ઓનલાઇન એમેઝોન પ્લેટફોર્મ પરથી આ સોડિયમ નાઇટ્રાઇટ ૫૦૦ ગ્રામ મંગાવ્યું હતું.

જેની જાણ આ હરિકિશનના પત્નિને થતાં તેમણે આમ ન કરવા પોતાના પતિને સમજાવ્યું હતું અને આ પદાર્થનો નિકાલ કરી દીધો હતો. જોકે, આ પહેલા છાની રીતે હરિકીશને સોડિયમ નાઇટ્રાઇટ પદાર્થ થોડો અલગ કાઢી દીધો હતો. બાદમાં તે એવા કોઈ વ્યક્તિની તલાશમાં હતો કે આ પદાર્થ કોઈ વસ્તુમાં પીવાથી કેવું રિએક્શન થાય અને ખરેખર વ્યક્તિ મૃત્યુ પામે છે કે જીવે છે. આથી હરિકિશને પોતાના પડોશમાં રહેતા વ્યક્તિ કનુભાઈ ચૌહાણ કે જે વર્ષોથી મૂકબધિર છે, તેમના પર આ પદાર્થનો અખતરો કરવા ટાર્ગેટ કર્યો હતો. શિક્ષકનો આ અખતરો ત્રણ નિર્દોષ જીવની હત્યાનું કારણ બન્યો હતો.

તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે, આરોપી અગાઉ અમદાવાદના સરખેજમાં ભૂવા કાંડમાં સોડિયમ નાઈટ્રાઈટ અસરથી શું થાય છે તેની જાણકારી હતી. વધુમાં જે તે સમયે આ ઘટના બની ત્યારે આ શિક્ષક હરિકિશન મકવાણા ત્યાં હાજર હતો અને કનુભાઈને હોસ્પિટલમાં પણ લઈને દોડ્યો હતો. તે બાદ સતત તે જાણતો હતો કે મૃતકના પીએમમાં શું આવી રહ્યું છે. પોલીસે આરોપીને કોર્ટ હવાલે કરવા તજવીજ કરી હતી.

### દ્વારકા કાળીયા ઠાકરને શીશ નમાવવા જતા પદયાત્રીકોની અનન્ય સેવા

# વીરડા વાજડી ગામ નજીક રાવટી ઉભી કરી ભાવિકો દ્વારા કરાતી સરાહનીય સેવા

## વીરડા વાજડી ધારેશ્વર મહાદેવ ગ્રુપના ભાવિકોની સેવા ઉડીને આંખે વળગે તેવી

રાજકોટ મિરર તા ૫

રાજકોટ શહેરના વીરડા વાજડી ગામ નજીક ૩૧ વર્ષથી કાર્યરત ગામના આગેવાનો દ્વારા રાવટી ઉભી કરી પદયાત્રીઓ માટે તમામ સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

ફાગણ માસની પૂર્ણીમા એટલે કે હોલીકા ઉત્સવ, હોળી ઉત્સવ માટે વર્ષોની પરંપરા મુજબ ફુલડોલ ઉત્સવ મનાવવામાં આવે છે. આ ફલડોલ ઉત્સવમાં ભાગ લેવા માટે ઠેર-ઠેર ગામે-ગામથી અસંખ્ય લોકો પગપાળા દ્વારકાધીશના દર્શનાર્થે પહોંચે છે. આ વર્ષે પણ ગુજરાત-રાજસ્થાન સહિતના રાજયોમાંથી અસંખ્ય પદયાત્રીઓ દ્વારકા તરફ પ્રયાણ કરી રહ્યા છે. આ પદયાત્રીઓ સેવા માટે પણ હાઈ-વે પર અસંખ્ય સેવા કેમ્પો ધમધમી રહ્યા છે.

જેમાં પદયાત્રીઓ માટે રહેવા, જમવા માટે તેમજ તમામ મેડીકલ માટેની સુવીધાઓ પણ સેવાભાવી લોકો દ્વારા કરવામાં આવી રહી છે. સેવા કેમ્પોમાં ડી.જે.ના તાલે પણ પદયાત્રીઓનો થોડો થાક દૂર કરવા માટે કાળીયાઠાકરના ગીતો વગાડી અને ગરબા ઘૂમવા માટે પણ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ભગવાન દ્વારકાધીશ સાથે ફલડોલ ઉત્સવ મનાવવા માટે અસંખ્ય પદયાત્રીઓ તથા દર્શનાર્થીઓ હોળીના પાવન દિવસે પહોંચે છે અને કાળીયા ઠાકર સાથે અબીલ-ગુલાલ સહિતનો રંગોથી હોળી રમી અને ધન્યતા અનુભવે છે.

ત્યારે રાજકોટ જિલ્લામાં રસ્તામાં ઠેર-ઠેર સેવાભાવીઓ દ્વારા પદયાત્રીઓની સેવા માટે કેમ્પો પણ નાખવામાં આવ્યા છે. દ્વારકાના ફલડોલ ઉત્સવમાં ભાગ લેવા ગુજરાત ઉપરાંત દેશભરમાંથી અન્ય રાજ્યોમાંથી ભક્તો મોટી સંખ્યામાં ચાલીને પગપાળા કાનાની કર્મભૂમિ દ્વારકામાં જઈ રહ્યા છે. યાત્રાધામ દ્વારકામાં હોળી-ધુળેટીના તહેવારો નજીક આવતા ભાવિકો પણ ભક્તિના રંગે રંગાતા ભગવાન કૃષ્ણ સાથે હોળી રમવા દ્વારકા તરફ જતા જોવા મળે છે. દ્વારકાધીશના સાનિધ્યમાં લાખોની સંખ્યામાં ભારતભરમાંથી કાનાના ભક્તો પગપાળા ફૂલડોલ રમવા પહોચે છે.

દ્વારકા ફૂલડોલ ઉત્સવમાં જતા પદયાત્રીઓની સેવા કરી પુણ્યનું ભાથું બાંધવા રાજકોટની ભાગોળે દ્વારકા તરફ જતા રસ્તાઓ - હાઈવે પર સેવાભાવી સંસ્થાઓ અને લોકોએ કેમ્પો પણ શરૂ કર્યા છે. ચાલીને જતા પદયાત્રીઓને રસ્તામાં થોડા-થોડા અંતરે વિશામા અને નાસ્તા, ઠંડા પીણા, દૂધ કોલ્ડ્રીંક, શેરડીના રસ, જમવા સહિતની વ્યવસ્થાઓ ઉભી કરાઈ છે. આ ઉપરાંત પોલીસ પ્રશાસન પણ ખૂબ જ અગ્રેસર રહે છે જેમાં હોર્ડિંગસ દ્વારા બેનર દ્વારા સૂચનાઓ આપવામાં આવે છે કે આપનું વાહન ધીમે ચલાવો આ ઉપરાંત મેડિકલ ટીમ સતત કાર્યરત રહે છે. જેમાં પગના દુઃખાવા સાંધાના દુખાવા તાવ શરદીની દવાઓ પૂરી પાડવામાં આવતી હોય છે. રાત્રી દરમ્યાન રાતવાસો કરવા માટે પંડાલો બનાવી ન્હાવા સહિતના નિત્યક્રમ માટે પણ સેવાભાવીઓએ ખાસ વ્યવસ્થા કરી છે.

રાજકોટ નજીક આવેલ રસ્તે પદયાત્રીઓ માટે ઠેર ઠેર કેમ્પો ખોલવામાં આવ્યા છે. હોળી-ધુળેટીના પર્વને લઇ કાના નગરી દ્વારકા તરફ પદયાત્રી અને સેવાભાવીઓનો પડાવ ઠેર-ઠેર જોવા મળી રહ્યો છે. ત્યારે દ્વારકા તરફના રસ્તા-હાઈવે પર આનંદ અને ઉત્સાહ સાથે લોકો પદયાત્રા જોવા મળી રહ્યા છે.

જેની સેવા માટે કેમ્પોમાં પરિવાર સાથે સેવાભાવીઓ રોટલા, શાક અને વિવિધ વાનગીઓ સહિતના ભોજન અને ફરાળની વ્યવસ્થામાં લાગેલા જોવા મળી રહ્યા છે. ત્યારે આવા સેવા કેમ્પોમાં પડાવ કરી થાકને ભૂલી કાના સાથે હોળી રમવા આતુર જોવા મળી રહ્યા છે.

ત્યારે રાજકોટથી દ્વારકા સંઘમાં જતા ભક્તજનો માટે કાલાવડ રોડના વાજડી વિરડા ગામ ખાતે ધારેશ્વર મંદિરના ભક્તજનો સેવા માટે તત્પર ઊભા રહે છે. આ સેવા છેલ્લા ૩૧ વર્ષથી કાર્યરત છે. ધારેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં પદયાત્રીઓ માટે ગરમ પાણીની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે, ન્હાવા ધોવાની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. અને સુવા બેસવા માટે ગાદલા ઓશિકા પગના દુઃખાવા માટે દવાઓ, તેલ માલિશ, જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. જમવાની સુવિધા માટે બપોર અને રાત્રે બંને સમયે રસોડું સતત કાર્યરત હોય છે. આ સેવા માટે વિરડા વાજડી ગામના નાના છોકરાથી માંડીને વડીલો સેવા આપતા હોય છે. વિરડા વાજડી ધારેશ્વર મહાદેવ સેવકો દ્વારા જાણવા મળ્યું હતું કે રોજ ઓછામાં ઓછું ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા પદયાત્રીઓ પ્રસાદીનો લાભ લે છે.

અને તમામ ખર્ચ વિરડા વાજડી ગામ દ્વારા કરવામાં આવે છે. અને રસોડા વિભાગમાં ગામના મહિલાઓ જુની રૂઢિ પ્રમાણે રોટલા-રોટલી ચૂલા દ્વારા રસોઈ કરવામાં આવે છે.

કહેવાય છે કે ચૂલાની રસોઈમાં મીઠાશ હોય છે પણ આ તો દ્વારકાવાળાની સેવાનો અવસર છે. મીઠાશ આપોઆપ ભળી જાય જેની શાક દાળ ભાત મોહનથાળ, શીરો, ગાંઠીયા, બુંદી, રોટલા, રોટલી અને છાશ વગરે વાનગીઓ પીરસવામાં આવે છે. આ સેવા કાર્યોમાં વિરડા વાજડી ગામના દોઢસોથી બસ્સો જેટલા સ્વયંસેવકો દ્વારા સેવા આપવામાં આવે છે. વીરડા વાજડી ગામના સરપંચ દિલીપભાઈ કાથડભાઈ હુંબલ અને મેણંદભાઈ સુરાભાઈ ખીમાણીયાની આગેવાની દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત વીરડા વાજડી ગામના મેણંદભાઈએ ''રાજકોટ મિરર'' ને જણાવ્યું હતું કે તેમણે આ વિચાર આજથી ૩૦ વર્ષ પહેલાં દ્વારકા જતા પદયાત્રીઓને જોતા વિચાર આવ્યો કે આપણે પણ નાનું એવું સેવાનું કામ કરવું જોઈએ ત્યારથી દ્વારકા પદયાત્રાઇ જતા શ્રદ્ધાળુઓને સેવા આપવાનું કામ શરૂ કર્યું હતું.

આજે ૩૧ વર્ષ થઈ ગયા હોવા છતાં એક સાથે આખું ગામ આ સેવા કરે છે.

જેમાં મેણંદભાઈ સુરાભાઈ ખીમાણીયા, દિલીપભાઈ કાથડભાઈ હુંબલ (સરપંચ), પ્રભાતભાઈ વિભાભાઈ ખીમાણીયા (ઉપ. સરપંચ), નારણભાઈ રાજાભાઈ ખીમાણીયા, અજયભાઈ રાજાભાઈ ખીમાણીયા, રમેશભાઈ નારણભાઈ ખીમાણીયા, રાજાભાઈ દેવદાનભાઈ જળુ, જનકભાઈ કાથડભાઈ ખીમાણીયા, અજયભાઈ મેણંદભાઈ ખીમાણીયા, અરજણભાઈ સામતભાઈ ખીમાણીયા, ભાનુભાઈ પરબતભાઈ મેત્રા, કાનાભાઈ પરબતભાઈ મેત્રા, વિજયભાઈ નારણભાઈ ખીમાણીયા, રમેશભાઈરાવતભાઈ ખીમાણીયા, વિક્રમભાઈ કરસનભાઈ ખીમાણીયા, અસિનભાઈ જીવાભાઈ મેત્રા, ભરતભાઈ ભવાનભાઈ હુંબલ, અશ્વિનભાઈ લાભુભાઈ હુંબલ, વિક્રમભાઈ લાભુભાઈ હુંબલ, ભીમભાઈ ખોડાભાઈ હુંબલ, ગોવિંદભાઈ સુખાભાઈ હુંબલ, મહેશભાઈ રાવતભાઈ હુંબલ, ભરતભાઈ દેવાયતભાઈ હુંબલ, અમરાભાઈ રાયજણ હુંબલ, મનવીરભાઈ નાગદાનભાઈ ચાવડા, રાજેશભાઈ મેણંદભાઈ ચાવડા, રાયમલભાઈ લાભુભાઈ ચાવડા, ભાવેશભાઈ પ્રભાતભાઈ ચાવડા, વનરાજભાઈ મુળુભાઈ ચાવડા, મુળુભાઈ રાયધનભાઈ ચાવડા, બોઘાભાઈ રાયધનભાઈ મકવાણા, રાવતભાઈ રાયધનભાઈ મકવાણા, દિલીપભાઈ રાયધનભાઈ મકવાણા, લાભુભાઈ દેવદાનભાઈ જળુ, આયાભાઈ હર્ષિવભાઈ જળુ, મનીષભાઈ ભાનુભાઈ જળુ, હરેશભાઈ કોથડભાઈ જળુ, મુનાભાઈ કરશનભાઈ જળુ, સાદુડભાઈ દેશળભાઈ જળુ, રવીભાઈ રામભાઈ ભરવાડ, અનિલભાઈ અરજણભાઈ ભરવાડ, મનુભાઈ સુખાભાઈ ભરવાડ, ભનાભાઈ ડાભી સહિતના સ્વયંસેવકો દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવે છે





દિલીપભાઈ હુંબલ-સરપંચ



મેણંદભાઈ ખીમાણીયા



# આજથી હોળાષ્ટકનો પ્રારંભ




શાસ્ત્રી લલિતકુમાર ભટ્ટ

રાજકોટ મિરર, તા.૫

આજે તા.૬ને ફાગણ સુદ - ૭ થી આઠ દિવસના હોળાષ્ટકનો, સવારે ૧૦.૫૨ થી પ્રારંભ થશે. અને તા.૧૪.૦૩.૨૦૨૫ને સવારે ૧૨-૨૫ સુધી ચાલશે. તા.૧૩ ને ગુરુવારે હુતાસણી(હોળી) છે. સાંજે ૬ થી ૯ દરમિયાન હોળી પ્રગટાવવાનું શુભ મુહુર્ત છે. ધૂળેટી તા.૧૪ને શુક્રવારે થશે. રાજકોટ જયોતિવિધ મંડળના મહામંત્રી, જયોતીષ રત્ન એવોર્ડ તેમજ સ્વર્ણચંદ્રક વિજેતા શાસ્ત્રીજી લલિતકુમાર લાભશંકર ભટ્ટએ 'રાજકોટ મિરર'ને જણાવ્યું હતું કે, શાસ્ત્રો કહે છે કે, હોળી પહેલાના ૮ દિવસના સમયને હોળાષ્ટક કહેવાય છે. આ સમય દરમિયાન શુભ કાર્યોને બ્રેક લાગી જાય છે. કેમ કે, લગ્ન-સગાઇ, કથા સહિતના શુભ કાર્યો, ધંધા વ્યાપારના મંગલ પ્રારંભ જેવા કાર્યો આ સમય દરમિયાન કરવા શાસ્ત્રો નાં પાડે છે. કારણકે આ સમયે હોળીના તરંગો સામે આવતા હોવાથી માંગલિક કાર્યો સફળ થતા નથી. આ વાતનો પણ ફોડ પાડતા પણ શાસ્ત્રી લલિતકુમાર ભટ્ટે જણાવ્યું હતું કે, ભૂદેવો જણાવે છે કે, ઉગ્રાવસ્થામાં ગ્રહો ફરતા હોવાથી જ્યોતિષીઓ શુભ કાર્યો ન કરવાની યજમાનોને સલાહ આપતા હોય છે. અને જો આ સમય દરમિયાન કોઈ શુભ કાર્યો આરંભાય તો વિપરીત પરિણામોથી સમસ્યાઓ ઉદ્ભવી શકે તેવું માનવું ઉચિત ગણાવાય છે. એ કારણે હોળાષ્ટકમાં શુભ કાર્યોથી દુર રહેવામાં જ ભલાઈ હોવાની ભૂદેવોની સલાહ યથાસ્થાને હોવાનું કહેવું અનુચિત નથી. આ વર્ષે તા.૬ થી ૧૩ એમ આઠ દિવસ હોળાષ્ટકના છે. ફાગણ મહિનાની પૂનમના દિવસે ઉજવાતી હોળી પહેલા ફાગણ મહિનાના શુક્લ પક્ષ-૮ થી હોળાષ્ટકનો પ્રારંભ થાય છે. અને પૂર્ણાહૂતિ થતા જ પૂનમે- ૧૪મી માર્ચે હોલિકા દહન કરવામાં આવશે. શાસ્ત્રી લલિતકુમાર ભટ્ટની સલાહ પ્રમાણે હોળાષ્ટક દરમિયાન લગ્ન-સગાઈ ઉપરાંત નવા મકાનમાં પ્રવેશ કે વાસ્તુ, નવું ઘર લેવું કે જમીન, વાહન કે, રોકાણ, નામકરણ જેવા કોઈ પણ શુભ પ્રસંગોના આયોજન ન કરવા હિતાવહ છે. હોળાષ્ટક પાછળની પૌરાણિક કથા એવું કહે છે કે હોળી પહેલાના આઠ દિવસ દરમિયાન હિરણ્યકશીપું(કશ્યપ)એ પોતાના પુત્ર અને શ્રી વિષ્ણુ-નારાયણ ભગવાનના અનન્ય ભક્ત પ્રહલાદથી અત્યંત નારાજ હોવાથી તેમને મારવાનું નક્કી કરી, અસહ્ય ત્રાસ આપવાનું શરુ કર્યું હતું. શાસ્ત્રોના કહેવા મુજબ પ્રહલાદને પુનમના દિવસે હોળી દ્વારા મારી નાખવાનું નક્કી કરી ત્રાસ અપાતો હતો. એટલે આ આઠ દિવસને હોળાષ્ટક કહેવાય છે. ખુબ ત્રાસ અપાયો છતાં પ્રહલાદમાં ભક્તિમાં ડગ્યો ન હતો એટલે બહેન હોલિકા દ્વારા તેમને મારી નાખવા નક્કી કરાયું હતું. હોળાષ્ટકના આઠમા દિવસે હિરણ્ય કશ્યપની બહેન હોલિકાએ પ્રહલાદને તેના ખોળામાં બેસાડીને મારવાની કોશિશ કરી હતી. પરંતુ ભક્ત પ્રહલાદના બચી જાય છે અને હોલિકા આગમાં રાખ થઇ જાય છે. આમ, માન્યતા છે કે, હોળાષ્ટકના દિવસો દરમિયાન પ્રહલાદને ત્રાસ અપાયો હોવાથી આ દિવસોમાં શુભ કાર્યો ફળતા નથી. અગામી તા. ૧૪ માર્ચ શુક્રવાર સાંજે ૦૬.૫૧થી ગ્રહમંડળના રાજાદી સૂર્ય ગ્રહ મીન રાશિમાં સતત એક મહિનો ભ્રમણ કરવાથી ''મીનારક'' કમૂરતા રહેશે.

તા.૧૩ એપ્રિલ સુધી તમામ શુભ માંગલિક કાર્યો કરી શકાશે નહી પરંતુ આવા સમયમાં શિવજીનો રુદ્રાભિષેક નવગ્રહ નડતર નિવારણ પૂજા, સત્યનારાયણ ભગવાનની કથા, અશુભ યોગોની શાંતિ કર્મ,રાંદલના લોટા અને બ્રહ્મભોજન કે દાન દક્ષિણા અંગેના કાર્યો કરી શકાય.



૧૩મીએ હોળી અને ૧૪મીએ ધૂળેટી

# આજે રાજકોટ શહેર - જીલ્લા ભાજપના નક્કી થશે પ્રમુખો

## રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માટે મુકેશભાઈ દોશી રીપીટ પણ થઈ શકે અથવા દેવાંગ માંકડ, કશ્યપ શુકલ અશ્વિન મોલિયાના નામો પણ ચર્ચામાં : જીલ્લા પ્રમુખ તરીકે અલ્પેશભાઈ ઢોલરીયા રીપીટ કરવાના ઉજળા સંકેતો

રાજકોટ મિરર, તા.૫

સૌરાષ્ટ્ર ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો ધમધમાટ સમાપ્ત થઈ ગયો છે. વિપક્ષ કે પ્રતિસ્પર્ધીને ધોબી પછડાટ આપીને મોટાભાગની નગરપાલિકામાં ભાજપે મહત્તમ પ્રભુત્વ જાળવી રાખવામાં અનન્ય સફળતા મેળવતા ચારે બાજુ ભાજપનો ભગવો લહેરાઈ ગયો છે. લોકોમાં વિશ્વાસ સંપાદન કરાવવામાં ભાજપે વધુ એક વખત મેળવેલી સફળતાનો ચોતરફ જયજયકાર થઇ રહ્યો છે. પ્રજા કામો કરી દિલ જીતવામાં કહેવાય છે કે ભાજપના પ્રત્યેક કાર્યકર અને આગેવાનોને પાછી પાની કરી નથી. ચૂન્તની ધારાસભા-વિધાનસભાની કે સ્થાનિક સ્વરાજયની હોય, પ્રજાએ ભાજપ પર મુકેલા અભૂતપૂર્વ વિશ્વાસ પછી હવે જીલ્લા-શહેર ભાજપના પ્રમુખોની નિયુક્તિમાં પણ ભાજપના ઉચ્ચ પદાધિકારીઓ સતત દોડતા આગેવાનોને ફરી જવાબદારી સોંપે તેવી સૌમાં અપેક્ષા સેવાઈ રહી છે.

બીજી બાજુ હવે શહેર તેમજ જિલ્લાના ભાજપના પ્રમુખોની નિમણૂંકો માટેનો તખ્તો પણ રચાઈ ગયો છે. આવા સમયે રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખોના નિમણૂકોના દૌર વચ્ચે હવે રાજકોટ શહેર પ્રમુખ અને જિલ્લા પ્રમુખની નિમણૂક માટે પણ ધમધમાટ હવે વાસ્તવિકતામાં પરિવર્તિત થવાની ઘડીઓ ગણાઈ રહી છે. આવા સમયે રાજકોટ શહેર પ્રમુખ તરીકે મુકેશભાઈ દોશી રીપીટ પણ થઈ શકે અથવા દેવાંગ માંકડ, કશ્યપ શુકલ, અશ્વિન મોલિયાના નામો પણ ચર્ચામાં છે.

રાજકોટ જિલ્લામાં અલ્પેશ ઢોલરીયાને રીપીટ કરવામાં આવે તે માટેના ઉજળા સંજોગો છે. જિલ્લા પ્રભારી ધવલ દવે અને અલ્પેશ ઢોલરીયાના વડપણ હેઠળ રાજકોટ જિલ્લો મન કી બાત કાર્યક્રમ હોય કે બુદ્ધ કમિટીની રચના હોય, કે સભ્ય નોંધણી હોય અથવા પ્રદેશ ભાજપ દ્વારા અપાતા કોઈપણ કાર્યક્રમમાં, સેમિનારો વિગેરેમાં અવ્વલ નંબરની કામગીરી જિલ્લા ટીમે કરી બતાવી હોવાથી અલ્પેશભાઈની પસંદગીના ઉજળા સંજોગો દેખાય છે.

બીજી બાજુ ગુજરાત પ્રદેશ ભાજપ નિયુક્ત ચૂંટણી કલસ્ટર પ્રભારી મયંકભાઇ નાયક, પ્રદેશ નિયુક્ત જિલ્લા ચૂંટણી અધિકારી આશિષભાઈ દવે, સહ ચૂંટણી અધિકારી જે.કે ચાવડાની ઉપસ્થિતિમાં આજે તા.૬ ના રોજ જિલ્લા સંકલનની બેઠક બાદ, જિલ્લા ભાજપ અધ્યક્ષની નિયુક્તિ કરવામાં આવનાર છે. આ માટે શહેરના બહેરા-મૂંગા શાળા સામે, સ્વામિનારાયણ ગુરુકુળથી આગળ, ઢેબર રોડ પર આવેલ કમલમ-જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે એક પત્રકાર પરિષદનું, સવારે ૯-૦૦ વાગ્યે આયોજન કરવામાં આવ્યું છે. અને આ બેઠક દરમિયાન જિલ્લા ભાજપના અધ્યક્ષની નિમણૂક જાહેર કરવામાં આવશે તેવું પ્રેસ મીડિયાના કન્વીનરો રાજેશ ગોંડલીયા અને પ્રકાશ સોલંકીએ જણાવ્યું હતું.



મયંકભાઈ નાયક

અત્રે એ ઉલ્લેખનીય છે કે, રાજકોટ સહિતના શહેરોમાં જયાં પ્રમુખોની નિમણુંકો બાકી છે ત્યારે ભાજપ દ્વારા હોળાષ્ટક પહેલા પ્રમુખોની જાહેરાત કરી દેવાની સંભાવના છે. મહાનગરોમના પ્રમુખોના નામ ઉપર ચર્ચા કરવા પ્રદેશ દ્વારા આજે બુધવારે તાત્કાલીક વર્ચ્યુઅલ બેઠક બોલાવાઇ હતી. ભાજપના સતાવાર સુત્રોમાંથી મળતી માહિતી મુજબ પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, પ્રદેશ ચુંટણી અધિકારી સહિતના હોદેદારોની ઉપસ્થિતીમાં આજે સવારે રાજયના શહેરોના પ્રમુખો પ્રભારીઓ સાથે ઓનલાઇન વર્ચ્યુઅલ બેઠક યોજાઇ હતી.

જેમાં ઉપસ્થિત હોદેદારોએ આગામી બે દિ' માં દરેક જીલ્લા, શહેરોના પ્રમુખોને સ્થાનીક કક્ષાએ ચુંટણી પ્રક્રિયા બેઠક બોલાવવા સુચના આપવામાં આવી છે. પ્રદેશમાથી કલ્સ્ટર ઇન્ચાર્જ જે તે શહેરોમાં કવરમાં નામ સાથે જાહેરાત કરશે. બેઠકમાં વધુમાં જણાવાયુ હતું કે, રાજયના દરેક જિલ્લા, શહેરોમાં પ્રમુખ ચૂંટણી પ્રક્રિયા માટે કાલ સુધીમાં સમય, સ્થાન સહિતની વ્યવસ્થા નકકી કરવા સુચના આપવામાં આવી છે. જે તે શહેરોના પ્રમુખોનના નામોની જાહેરાત કલ્સ્ટર ઇન્ચાર્જ દ્વારા પ્રદેશ કવર મુજબ જાહેર કરવામાં આવશે. આ માટે નામનો પ્રસ્તાવ સિનિયર આગેવાનો તથા પૂર્વ પ્રમુખો દ્વારા મુકવામાં આવ્યા બાદ ટેકો આપવામાં આવશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તુરંત શહેરના વોર્ડ પ્રમુખો, દાવેદારોની મીટીંગમાં નવા પ્રમુખોનું નામ જાહેર થશે. આ માટે સિનીયર આગેવાનો, મંત્રીઓ, ધારાસભ્યો તેમજ સંગઠનના હોદેદારોની ઉપસ્થિતિમાં પ્રક્રિયા હાથ ધરવા જણાવાયું છે. આમ, રાજકોટ સહિતના રાજયભરના જીલ્લા, શહેરોમાં હોળાષ્ટક પહેલા નવા પ્રમુખો જાહેર થઇ જશે.

### રસ્તા પર રઝળતા ઢોર ઘણીવાર વાહનચાલકો, રાહદારીઓ માટે બની જાય છે જોખમી

# ભેંસને કારણે મહિલાનો જીવ ગયોઃ ખુંટીયાને લીધે એક ગંભીર


## હળવદના માથક પાસે રોડ પર ભેંસ દોડી આવતાં ચાલકે રિક્ષાને કાવો મારતાં અંદરથી મહિલા ફંગોળાઇ જતાં મોતઃ ઉનામાં ખુંટીયાની ઢીંકથી આધેડની હાલત ગંભીરઃ આણંદપરના વૃધ્ધાને પણ ખુંટીયાએ લીધા અડફેટ

રાજકોટઃ રસ્તા પર રઝળતા ઢોર અનેક વખત વાહનચાલકો, રાહદારીઓ માટે જોખમી બની જતાં હોય છે, ઘણીવાર આવા પશુઓ, ઢોર લોકોના મોતનું કારણ પણ બની જતાં હોય છે.

ત્રણ આવી ઘટના સામે આવી છે જેમાં ઢોરના કારણે એક મહિલાનું મોત થયું છે અને એક આધેડ, એક વૃધ્ધાને સારવાર માટે દાખલ થવું પડ્યું છે. ભેંસ દોડીને રોડ પર આવી જતાં રિક્ષાચાલકે જોરદાર કાવો મારતાં રિક્ષામાંથી ફેંકાઇ જવાને કારણે ઇજા થતાં મહિલાનું મોત થયું હતું. તો બીજી તરફ ખુંટીયાની ઢીંકે ચડી જવાના બે બનાવમાં એક આધેડની હાલત ગંભીર થઇ ગઇ હતી અને એક વૃધ્ધાને પણ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

જીવલેણ અકસ્માતની ઘટના પર નજર કરીએ તો હળવદના માથક ગામે નજીક ચંપાકુવા રોડ પર રિક્ષા આડે ઓચીંતી ભેંસ આવી જતાં રિક્ષાચાલકે જોરદાર બ્રેક મારી કાવો મારતાં અંદર બેઠેલા માથક ગામના મહિલા રિક્ષામાંથી રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. તેઓ બે પૌત્રીને સાથે લઇ માથકથી મોરબી લગ્નમાં જઇ રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. વધુ માહિતી અનુસાર માથક ગામે રહેતાં પંચાવન વર્ષના નાનીબેન બાબુભાઇ ભોરાણીયા બે દિવસ પહેલા સવારે પોતાની બે પૌત્રી સાથે મોરબી ખાતે લગ્નપ્રસંગમાં હાજરી આપવા માથકથી રિક્ષામાં બેસી રવાના થયા ત્યારે રસ્તામાં માથક નજીક ચંપા કુવા રોડ પર ઓચીંતી ભેંસ આડી આવી ગઇ હતી.

આ કારણે રિક્ષાના ચાલકે રિક્ષાનો જોરદાર કાવો મારી બ્રેક મારતાં નાનીબેન રિક્ષામાંથી ફેંકાઇ જતાં ઇજા થતાં હળવદ, મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયા હતાં. અહિ રાતે તેમનું મોત થતાં પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી. આ બનાવમાં મૃત્યુ પામનાર નાનીબેનને સંતાનમાં બે પુત્રી અને ત્રણ પુત્ર છે. પતિ ખેત મજુરી કરે છે. હોસ્પિટલ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચ, ભાવેશભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ હુદડે હળવદ પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.



અન્ય બનાવોમાં પણ ઢોરને કારણે બે લોકોની હાલત ખરાબ થઇ ગઇ હતી. જેમાં ખુંટીયાએ ઢીંક મારતાં ઇજા થવાના બે બનાવ બન્યા છે. જેમાં ઉનાના ભીમપરામાં રહેતાં પિસ્તાલીસ વર્ષના રમેશભાઇ ગુલાબભાઇ સોલંકી ગામમાં ચાલીને જતાં હતાં ત્યારે ખુંટીયાએ ઢીંક મારી પછાડી દેતાં ગંભીર ઇજા થતાં ઉના, રાજકોટ ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયા છે. રમેશભાઇ ત્રણ ભાઇમાં નાના છે અને છુટક મજુરી કરે છે. તેને સંતાનમાં બે પુત્ર છે. હાલત ગંભીર ગણાવાઇ રહી છે. જ્યારે અન્ય આવા જ એક બનાવમાં કાલાવડના આણંદપરમાં રહેતાં સાંઇઠ વર્ષના કંકુબેન માવજીભાઇ રાઠોડને સાંજે ઘર નજીક ચાલીને જતાં હતાં ત્યારે ખુંટીયાએ ઢીંક મારી પછાડી દેતાં ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતોં ઉના અને કાલાવડ પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બનાવમાં રમેશભાઇની હાલત અત્યંત ગંભીર ગણાવાઇ રહી છે.

જ્યારે જીવલેણ અકસ્માતના બીજા બનાવમાં સાવરકુંડલાના ઓળીયા ગામ નજીક બસ સાથે ઇકો કાર અથડાતાં ઘાયલ થયેલા પ્રૌઢનું સારવાર દરમિયાન મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વિગતો જોઇએ તો સાવરકુંડલામાં જેતલ રોડ પર વૃંદાવન સોસાયટીમાં રહેતાં છપ્પન વર્ષના મહેશભાઇ વાલજીભાઇ કારેલીયા ગત ત્રીજી તારીખના રોજ બપોરે પરિવારજનો સાથે ઇકો કારમાં બેસી અમદાવાદ રહેતાં દિકરાને ત્યાં આટો મારવા ગયા હતાં.

ત્યાંથી પરત સાવરકુંડલા આવી રહ્યા હતાં ત્યારે ઓળીયા ગામ નજીક બસના ચાલકે ઇકો સાથે અકસ્માત સર્જતા મહેશભાઇને ગંભીર ઇજા થતાં સ્થાનિક હોસ્પિટલમા સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ગત રાતે મોત થતાં યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી હતી.મૃત્યુ પ મનાર મહેશભાઇને સંતાનમાં બે

અહિની ત્યાં કરવાની આદત ધરાવતાં હોય તેવા લોકો માટે ચેતવા જેવી ઘટના

# કો'કની આઘાપાછી કરતાં વાળંદ કામના કારીગર પર ધોકાવાળી

## હિતેષ નામના શખ્સને આડાસંબંધ છે તેની જાણ તેની પત્નિને હાર્દિક કરી આવતાં હિતેષે બે મિત્રો સાથે મળી ખુબ ફટકાર્યો અને ધમકી પણ દીધીઃ કોઠારીયાની ઘટનાએ જગાવી ચર્ચા

રાજકોટઃ ગામની આઘાપાછી કરવાની ટેવ ધરાવતાં હોય તેવા લોકોને ઘણીવાર ધોકા ખાવાની નોબત આવી જતી હોય છે. કંઇક આવી જ એક ઘટનામાં વાળંદ કામ કરી ગુજરાન ચલાવતાં યુવાન પર ત્રણ શખ્સોએ ધોકાથી હુમલો કરતાં ઓયમાડી ઓયબાપા થઇ ગયું હતું. આ યુવાને કોઠારીયા વિસ્તારના એક શખ્સને આડાસંબંધ છે તેવી વાત એ શખ્સના પત્નિને જઇને બે મહિના પહેલા કારી દીધી હતી. આથી એ શખ્સ કાળઝાળ થઇ આ યુવાનને ગોતતો હતો. અંતે તે કોઠારીયા ગામના ગેઇટ પાસે ભેટી જતાં જ એ શખ્સે પોતાના બે મિત્રો સાથે મળી આ યુવાનને બરાબરને ફટકારી ખૂનની ધમકી પણ ઠપકારી હતી.

ચર્ચા જગાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો કોઠારીયા રોડ સુખરામનગર પાસે રહેતાં અને વાળંદ કામ કરતાં યુવાને બે મહિના પહેલા એક શખ્સને આડાસંબંધ હોઇ તેની જાણ એ શખ્સના પત્નિને કરી દીધી હોઇ આ વાતનો ખાર રાખી આ શખ્સે ગત રાતે બે મિત્રો સાથે મળી આ યુવાનને કોઠારીયા ગામના ગેઇટ પાસે આંતરી ધોકાથી બેફામ માર મારી જાનની મારી નાખવાની ધમકી પણ આપી હતી. આજીડેમ પોલીસને જાણ થતાં આ બનાવમાં પોલીસે કોઠારીયા રોડ હુડકો



ચોકડી પાસે સુખરામનગર-૩માં રહેતાં અને મેક ઓવર નામની દુકાનમાં વાળંદ કામ કરી ગુજરાન ચલાવતાં બાવીસ વર્ષના હાર્દિક હરસુખભાઇ કોટડીયાની ફરિયાદ પરથી હિતેષ બકુલભાઇ રાઠોડ, કાર્તિક પટેલ અને ચિરાગ પટેલ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

જેના પર હુમલો થયો તે યુવાન હાર્દિક કોટડીયાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને વાળંદ કામ કરુ છું. રાતે સાડા નવેક વાગ્યે હું કોઠારીયા ગામ ઓપેરા કોમ્પલેક્ષમાં હું જ્યાં કામ કરુ છું તે હિતેષભાઇ રાઠોડની મેકઓવર નામની દુકાને હતો ત્યાંથી ઘરે જવા નીકળ્યો ત્યારે કોઠારીયા ગામના ગેઇટ પાસે દ્વારકાધીશ હોટલ પાસે હિતેષ રાઠોડ, કાર્તિક અને ચિરાગ મળ્યા હતાં. હિતેષે મને અટકાવી 'તું કેમ મારા ઘરે મારા આડાસંબંધની વાત કરે છે?' કી ગાળો દીધી હતી. બાદમાં તેની સાથેના ચિરાગ અને કાર્તિકે ધોકાથી માર માર્ય હતો. તેમજ જાનથી મારી નાખવાખી ધમકી આપી હતી. દેકારો થતાં માણસો ભેગા થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં. મને મુંઢ ઇજાઓ થઇ હતી. કારણ એવુ છે કે બે મહિના પહેલા મેં હિતેષના આડાસંબંધ બારામાં તેના પત્નિને જાણ કરી દીધી હતી. આ કારણે હિતેષે ખાર રાખ્યો હતો અને રાતે તેના મિત્રો સાથે મળી મને રસ્તામાં આંતરીને ધોકાથી માર મારી ધમકી આપી હતી. તેમ વધુમાં હાર્દિકે જણાવતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ એએસઆઇ એચ. વી. મોરવાણીયાએ ગુનો દાખલ કરી હુમલો કરી ભાગી ગયેલા ત્રણેયને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી.

બીજા લોકોની વાતો કરવાને કારણે કે પછી તેના વિશે એલફેલ બોલવાને કારણે માથાકુટ થતી હોવાના કિસ્સા અવાર-નવાર બનતાં હોય છે. આ બનાવમાં પણ યુવાને એક શખ્સના આડાસંબંધની જાણ એ શખ્સની પત્નિને કરી દેતાં તેને માર ખાવાની નોબત આવી હતી. કોઠારીયા વિસ્તારમાં આ બનાવે ભારે ચર્ચા જગાવી છે.

મકાન, દુકાન, કારખાના, શો રૂમ પડતાં મુકી હવે અહિ પણ પગલા પાડ્યા

# ડો. યાજ્ઞિક રોડ પર 'દવાખાના'માં ચોરનું બે વખત 'ઓપરેશન'!

## દાંતના ડોક્ટર દિલીપભાઇ પટેલના ક્લિનિકમાં પહેલીવાર બારીમાંથી ઘુસી ફોન ચોરી ગયો, ફરિયાદ ન કરતાં બીજીવાર આવી બે કેમેરા બઠ્ઠાવી ગયોઃ પ્રદ્યુમનનગર પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટઃ શહેરમાં ચોરીના બનાવ અવાર નવાર બને છે અને પોલીસ ફરિયાદ નોંધી ઘણા ગુના ડિટેક્ટ પણ કરે છે. મોટે ભાગે તસ્કરો ઘર, દુકાન, કારખાના, શો રૂમ કે ક્યારેક ધર્મસ્થાનોમાં પણ ત્રાટકતા હોય છે. પરંતુ આ વખતે તસ્કરે કે જાણભેદુએ ડો. યાજ્ઞિક રોડ પર એક દાંતના ડોક્ટરના દવાખાનાને નિશાન બનાવી ચોરી કરી છે. એ પણ એક વાર નહિ બબ્બે વખત પગલા પાડી મત્તા ઉસેડી ગયો હતો. પહેલીવારમાં ડોક્ટરે પોલીસને જાણ ન કરતાં આ ચબરાક ચોર બીજીવાર આવ્યો હતો અને હાથફેરો કરી ગયો હતો!

વિગતો પર નજર કરીએ તો ડો. યાજ્ઞિક રોડ પર આવેલી જાગનાથ પોલીસ ચોકીની સામેના કોમ્પલેક્ષમાં દાંતનું દવાખાનુ ચલાવતાં ડોક્ટરના ક્લીનીકમાં પાછળની બારીમાંથી અંદર ઘુસી ચોર સતત બે વખત હાથફેરો કરી ગયો છે.

પહેલી વખત દસ હજારનો મોબાઇલ ચોરી ગયો હોઇ તેમણે પોલીસ ફરિયાદ ન કરતાં અઠવાડીયા બાદ ફરીથી એ જ જગ્યાએથી આવી ૧ લાખ ૧૫ હજારના બે કેમેરા, લેન્સ ચોરી જતાં પોલીસને જાણ કરી હતી. આ બનાવમાં પ્ર.નગર પોલીસે કાલાવડ



રોડ પર નંદનવન સોસાયટી 'અક્ષર' બ્લોક નં. ૨-બી ખાતે રહેતાં અને ડો. યાજ્ઞિક રોડ જાગનાથ પોલીસ ચોકી સામે આવેલા સીટી શોપ બિલ્ડીંગમાં ૧૦૧ નંબરની ઓફિસમાં દાતનું દવાખાનુ ચલાવતાં સડસઠ વર્ષના ડો. દિલીપભાઇ ફુલાભાઇ પટેલની ફરિયાદ પરથી ચોરીનો ગુનો દાખલ કરી આરોપીને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ બનાવ બારામાં ડો. દિલીપભાઇ પટેલે જણાવ્યું છે કે તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ હું નિત્યક્રમ મુજબ મારુ ક્લીનીક સાંજે સાડા છ વાગ્યે બંધ કરીને ઘરે ગયો હતો. બીજા દિવસે ૨૨મીએ સવારે સાડા દસે શટર ખોલી અંદર જતાં પાછળની સાઇડમાં આવેલી કાચની બારી હતી તે કોઇપણ રીતે ખોલીસને કોઇ મારા ક્લીનીકમાં ઘુસી ચોરી ગયાનું જણાયું હતું. તસ્કર ટેબલના ડ્રોઅરમાં રાખેલો મારો વનપ્લસ મોબાઇલ રૂા. ૧૦ હજારનો ચોરી ગયાનું જણાયું હતું.

ત્યારબાદ તા. ૨/૩ના રોજ ફરી ક્લીનીક બંધ કરી ઘરે ગયેલ અને બીજા દિવસે તા. ૩ના રોજ ક્લીનીક ખોલીને જોતાં અંદરથી ડ્રોઅરમાં રાખેલો કેનન કંપનીનો ચાર લેન્સ સાથેનો રૂા. ૧ લાખનો કેમેરો તથા નીકોન કંપનીનો ૧૫ હજારનો કેમેરો ચોરાઇ ગયાની ખબર પડી હતી.

આ ઉપરાંત લાકડાના કબાટને પણ તસ્કરે તોડી નાંખ્યો હતો. એકને એક જગ્યાએથી અંદર પ્રવેશી તસ્કર બે વખત ચોરી ગયો હોઇ અંતે પોલીસને જાણ કરી હતી.

મોબાઇલ ફોન, બે કેમેરા મળી કુલ રૂા. ૧,૨૫,૦૦૦ની મત્તા ચોરી જતાં પોલીસને જાણ કરી હતી. પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર આર. વી. વસાવાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ આઇ. એ. બેલીમ અને ડી. સ્ટાફ ટીમે ગુનો ઉકેલવા કમર કસી છે.

'રિવર્સ શોલ્ડર આર્થ્રોપ્લાસ્ટી' કરીને ગુજરાતને ગૌરવાન્વિત કરતી રાજકોટ સિવિલ હોસ્પિટલ

# જટીલ સર્જરી કરી સિવિલ સર્જનોએ સર્જ્યો ઈતિહાસ

## 'ચારકોટ શોલ્ડર' બીમારીથી સુષુપ્ત થઇ ગયેલા ખભાના ગોળાને રિસરફેઇસ દ્વારા પુનઃજીવિત કરી સિવિલના ઓર્થોપેડિક સર્જનોએ ખભાના સાંધાની પાર પાડી અત્યંત જટિલ સર્જરી



રાજકોટ મિરર, તા.૫

સિવિલ-સરકારી હોસ્પિટલનું નામ પડે એટલે ઘણા દર્દીઓના નાકના ટીચકા ચડી જતા હોય છે. સરવાળે સરકારી હોસ્પિટલમાં જોઈએ તેવી સારવાર નહિ મળે તેવું વિચારી ગરીબ, મધ્યમ તેમ તવંગર લોકો સરકારની વિનામૂલ્ય સારવારને નજર અંદાજ કરી ખાનગી હોસ્પિટલો તરફ દોડે છે અને પછી આર્થિક ખાડમાં ગબડી પડીને સારવાર અંગે વસવસો વ્યક્ત કરે છે. અહી સુધીની વાત સર્વસામાન્ય લોકોમાં જોવા અને સાંભળવા મળે છે. પણ લોકોની, દર્દીઓ કે તેઓના સગાવ્હાલાઓની આવી માન્યતાને ખોટી ઠેરવીને રાજકોટની સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જનોએ જે સર્જરી કરી તેનો ઈતિહાસ લખાઈ ગયો હોવાનું કહેવું ઉચિત લાગે છે.

દર્દીમાં સુષુપ્ત થઈ ગયેલા ખભાના સાંધાના ગોળાને બેસાડવા અત્યંત જટિલ એવી 'રિવર્સ શોલ્ડર આર્થ્રોપ્લાસ્ટી સર્જરી' (જોઈન્ટ રિપ્લેસમેન્ટ) સૌપ્રથમવાર રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઓર્થોપેડિક સર્જનોએ સફળતાપૂર્વક પાર પાડતા તબીબી જગતમાં આ સર્જરીની બખૂબી નોંધ લેવાઈ છે. અસામાન્ય સર્જરી અંગે વધુ વિગતો આપતા ડો. જય તુરખીયાએ ''રાજકોટ મિરર''સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે, પચાસેક વર્ષના પ્રૌઢ મહિલા મંજુલાબેન ડાંગર બે મહિના પહેલા પોતાના ખંભાની સમસ્યા વિષે સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં આવ્યા હતા. તપાસ દરમિયાન જોવા મળ્યું હતું કે આ મહિલા દર્દીનો જમણો હાથ નિષ્ક્રિય થઈને કામ કરતો બંધ થઇ ગયો હતો. એક તબક્કે તેઓ આ હાથ વડે કોઈ કામ કરી શકતા નહોતા.

તબીબી ભાષામાં જવલ્લે જોવા મળતી 'ચારકોટ શોલ્ડર' નામની બીમારીથી મંજુલાબેન પીડાતા હોવાનું નિદાન થયું હતું. તબીબોને જાણવા મળ્યું હતું કે, મહિલાના ખભાની લોહીની નસો સુકાવા ઉપરાંત, ચેતા તંત્ર નિષ્ક્રિય થઈ ગયું હતું, તેમજ બંને ગોળાની સરફેસ સાવ ઘસાઈને ડી-લોકેટ થઈ ગઈ હતી.

આ કિસ્સામાં માત્ર નવો ગોળો નાખવાથી હાથ કાર્યરત થઈ શકે તેમ નહોતો. ગોળાને બેસાડવા ખાસ સર્જરી કરી તેઓના જોઈન્ટ થતા હાડકાંના અંતર્ગોળ ભાગ અને બહિર્ગોળ ભાગને રીવર્સ પ્રોસેસથી ઊલટાવવો પડે તેમ હતો. અહીં હાડકું પણ શિથિલ અવસ્થામાં હોવાથી, સર્જરી બાદ સ્ક્રુ ફિટ કરવામાં પણ તકેદારી રાખવી પડે તેમ હતી. બીજી તરફ સ્પાઈનમાં બબલ થવાના કારણે મહિલાને 'ચારકોટ શોલ્ડર' નામનો રોગ થયેલો હોવાથી આવી અવસ્થામાં નવો ગોળો ફિટ કરવો અને નિષ્ક્રિય ધમની અને ચેતાને પુનઃ કાર્યાન્વિત કરવા અત્યંત જટિલ રિવર્સ શોલ્ડર (જોઈન્ટ રિપ્લેસમેન્ટ) કરવાનો પ્રથમ કેસ હોવાથી, હિમત હાર્યા વગર ખુબ ચેલેંજીંગ ટાસ્ક આટોપવા ત્વરિત નિર્ણય કર્યો હોવાનું ડો. જય તુરખીયાએ જણાવ્યું હતું.

આ સર્જરીની વિસ્તૃત ટેક્નિકલ માહિતી આપતાં ડો. તુરખીયાએ એવું પણ જણાવ્યું હતું કે ખભાનો સાંધો ત્રણ હાડકાંથી બનેલો હોય છે. હાંસડી (કોલરબોન), સ્કેપ્યુલા (ખભાનું બ્લેડ), અને હ્યુમરસ (હાથની ઉપરનું હાડકું). આ ત્રણેયના યોગ્ય સંચાલનથી હાથ ખભેથી ૩૬૦ ડીગ્રીએ મુવમેન્ટ કરવાનું કામ કરે છે. આ કેસમાં મૂળ ગોળો અને તેનાં સપોર્ટિંગ ગોળો, બંનેની સપાટી ઘસાઈ ગઇ હતી. નવો ગોળો મુકવા માટે બહિર્ગોળ ગોળાને અંતર્ગોળમાં અને અંર્તગોળ ગોળાને બહિર્ગોળ ગોળામાં કન્વર્ટ કરવો પડે તે રીતે રિવર્સ પ્રોસેસ થકી સરફેસ તૈયાર કરવાની હતી. વળી આ ગોળો માત્ર અમેરિકા અને જર્મની જેવા દેશમાં જ બનતો હોવાથી ત્યાંથી ઈમ્પોર્ટ કરવો પડે તેમ હતો. જેના માટે સરકાર દ્વારા મદદ મળતાં વેંત જ ઓપરેશન કરવાની પ્રક્રિયા આગળ ધપાવી મહિલાના ખભાના ગોળાની સર્જરીનું બીડું રાજકોટ સિવિલ ઓર્થોપેડિક ટીમે ઉઠાવ્યું અને બખૂબી સફળતા પણ મેળવી હતી.

### PMJAY યોજના અંતર્ગત રૂ.૧.૭૦ લાખ ઉપરાંત રૂ. ૫ લાખના ખર્ચે થયું ઓપરેશન : ડો. ચાવડા

પી.એમ.જે.એ.વાય.-મા યોજનાના નોડલ ઓફિસર ડો. મહેન્દ્ર ચાવડા જણાવે છે કે, આ દર્દીના કિસ્સામાં સર્જરી માટે જરૂરી સાંધાનો ગોળો બહારથી મંગાવેલા ગોળાની કિંમત આશરે ૧.૭૦ લાખ જેટલી હતી. ''આયુષ્માન યોજના'' હેઠળ રાજ્ય સરકારે ખાસ કિસ્સામાં મંજુરી આપી હતી. સાથોસાથ પાંચ લાખથી વધુના ખર્ચે આ યોજના હેઠળ તેઓની સફળ સર્જરી હાથ ધરાઈ હતી.

### સાડા ચાર કલાક સુધી ચાલ્યું મહિલા દર્દીના ખંભાનું ઓપરેશન !

''અત્યંત જટિલ સર્જરી માટે સૌપ્રથમ અમે જરૂરી રિસર્ચ કર્યું, તે માટે જરૂરી સાધનો ઉપલબ્ધ કરવામાં આવ્યા હતા. ઓપરેશન અંગે ટેક્નિકલ અને નર્સિંગ ટીમને ખાસ ટ્રેનિંગ આપી ઓપરેશન સમયે કાળજી રાખવા સમજ અપાઈ હતી. ત્યારબાદ મહિલા દર્દીને પણ માનસિક રીતે તૈયાર કરવામાં આવ્યાં હતા. જો આ સર્જરીમાં ચૂક થાય તો હંમેશને માટે હાથ ગુમાવવાની ઘડી આવે તે ધ્યાને રાખી મહિલા દર્દીનું ઓપરેશન સાડા ચાર કલાકની મહેનત સાથે પાર પાડ્યું હતું. હાલ દર્દીના હાથની સ્થિતિ સારી છે અને ટુક સમયમાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે'' તેવું ડો. જય તુરખીયાએ વાતચીત દરમિયાન જણાવ્યું હતું. જો કે હજુ તેઓને ફિઝ્યોથેરાપીસ્ટની મદદથી હાથની કસરત કરી ક્ષમતા પુનઃ પ્રસ્થાપિત કરતાં જરૂરી સમય લાગશે.

### ૨૦૨૪-૨૫માં ૧૦ હજાર જેટલી સર્જરી

રાજકોટ સિવિલ સ્થિત ટ્રોમા અને ઓર્થોપેડિક વિભાગમાં એક્સ-રે, એમ.આર.આઈ. સહિતની સુવિધા ઉપલબ્ધ છે. અહીં કુલ પાંચ ઓપરેશન થીએટર અને ૪ આઈ.સી.સી.યુ, ૩ આઈ.સી.યુ. ઉપરાંત કુલ ૧૬૦ બેડ ઉપલબ્ધ છે. અહીં રોજની ત્રણથી વધુ ઇમર્જન્સી ઉપરાંત સરેરાશ 30 જેટલા મેજર અને માઇનોર ઓપરેશન હાથ ધરવામાં આવે છે. જેમાં ખાસ કરીને ટ્રોમા ઉપરાંત 'ની' રિપ્લેસમેન્ટ, હિપ રિપ્લેસમેન્ટ, કરોડરજ્જુ, દુરબીનથી ઓપરેશન કરવામાં આવે છે. આયુષ્માન કાર્ડ ધરાવતા દર્દીઓને આ તમામ સુવિધા નિઃશુલ્ક મળતી હોવાનું ડો. નિકુંજ મારુ જણાવે છે. ઓર્થોપેડિક ટીમના હેડ ડો. શૈલેષ રામાવત સહિત અહીં કુલ ત્રણ વિભાગના હેડ ડોક્ટર્સની ટીમ હેઠળ ૩ આસિસ્ટન્ટ પ્રોફેસર, ૧૦ સિનિયર રેસિડન્ટ ડોક્ટર્સ, ૨૪ રેસિડેન્ટ ડોક્ટર્સ, ૨૫ જેટલો નર્સિંગ સ્ટાફ અને અન્ય ૨૫ સહાયક મળીને વર્ષ ૨૦૨૪-૨૫ માં 3 હજાર મેજર અને ૬,૩૦૦ જેટલી માઇનર સર્જરી હાથ ધરવામાં આવી છે.

### જટિલ સર્જરી કરનાર તબીબોને અભિનંદન તબીબી અધિક્ષક માકડિયા



રાજકોટ સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો. મોનાલી માકડીયાએ સિવિલ ખાતે વિશિષ્ટ સર્જરીની પહેલ બદલ ટીમને બિરદાવી અભિનંદન આપતા જણાવ્યું હતું કે, ''ઓર્થોપેડિક વિભાગની ટીમે અત્યંત જટિલ સર્જરી સફળતા સાથે મહિલા દર્દીને તેનો હાથ પુનઃ પ્રાપ્ત કરવામાં મદદ કરી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક સારવાર-સર્જરી દ્વારા ગૌરવપૂર્ણ જીવન જીવવાની તક પૂરી પાડે છે.'' તેઓએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જરૂરિયાતમંદ લોકો માટે સારવારની ગેરેન્ટી સમાન ''આયુષ્માન ભારત યોજના''નો મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્યના લોકોને સુપેરે લાભ મળી રહ્યો છે. જેના પરિણામે સિવિલ સહિતની હોસ્પિટલોમાં દર્દીઓને આરોગ્યલક્ષી સારવારમાં આર્થિક સધિયારારૂપી પ્રાણવાયુ મળી રહે છે

### ભલું કરે ભગવાન સિવિલના તબીબોનું દર્દી મંજુલાબેન

દર્દી મંજુલાબહેન ડાંગરે ભાવવિભોર થતાં જણાવ્યું હતું કે, છેલ્લાં એક-બે વર્ષથી મેં ખભાનાં દુઃખાવાના ઈલાજ માટે ન જાણે કેટલી હોસ્પિટલમાં ધક્કા ખાધા હતા. બીમારીના કારણે મારો જમણો હાથ રોજિંદુ કામ કરવા માટે સાવ નિષ્ક્રિય થઈ ગયો હતો, જેના કારણે મને ઘણી તકલીફ પડતી હતી. તમામ નિરાશાઓ વચ્ચે, અંતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મારી બીમારીનું સચોટ નિદાન થતાં મારા ખભાની સફળ સર્જરી થઈ છે અને મારો નિષ્ક્રિય હાથ ફરી સક્રિય બન્યો છે.'' મંજુલાબહેને રાજકોટ સિવિલ હોસ્પિટલના સ્ટાફની કામગીરીની પ્રશંસા કરતાં ઉમેર્યું હતું કે, અમે મધ્યમવર્ગીય પરિવારમાંથી આવી છીએ. મારા પતિ રીક્ષા ચલાવે છે. મારી ૧૩ વર્ષની દીકરી છે, ત્યારે ઘરની જવાબદારી વચ્ચે સર્જરીના પૈસા કેવી રીતે એકઠાં કરશું તેની ચિંતા કોરી ખાતી હતી. પરંતુ રાજકોટ સિવિલ હોસ્પિટલના કારણે એકપણ રૂપિયો ખર્ચ્યા વિના મારી સર્જરી થઈ છે. અહીંના સ્ટાફે મારું ખૂબ ધ્યાન રાખ્યું છે અને મારા પરિવારની હિંમત વધારી છે. ભગવાન તેમનું ભલું કરે.'' રાજકોટ સિવિલ હોસ્પિટલનાં ડોક્ટર્સનો અંતઃકરણથી મંજુલાબેને પાડ માન્યો હોતો.



### PMJAY કાર્ડ ધરાવતાં દર્દીઓઓ માટે ગ્રીન ઝોનની સુવિધા

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પી.એમ.જે.વાય કાર્ડ વિભાગના નોડલ ઓફિસર ડો.મહેન્દ્ર ચાવડાએ જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડધારક માટે ખાસ ગ્રીન ઝોનની સુવિધા ઉભી કરવામાં આવી છે. આ સુવિધા અંતર્ગત દર્દીએ કેસ બારી ખાતે લાઈનમાં ઊભા રહેવાની જરૂર નથી. કાર્ડ બતાવવાની સાથે જ તેઓને ગ્રીન ફાઈલ આપવામાં આવશે. ગ્રીન ફાઈલ મળતાં જ દર્દી ઓ.પી.ડી વિભાગની લાઈનમાં પણ ઊભા રહ્યા વિના સંલગ્ન ડોક્ટર્સ પાસે પોતાની સારવાર અને જરૂરી માર્ગદર્શન માટે સીધા મળી શકશે. આમ રાજ્ય સરકાર અને રાજકોટ સિવિલ હોસ્પિટલ પી.એમ.જે.વાય કાર્ડ ધરાવતાં દર્દીઓની સચોટ અને ઝડપી સારવાર કરવા માટે કટિબધ્ધ છે.

# જૂનાગઢ મેયર-૬૬ નગરપાલિકાના પ્રમુખોની વરણી

## આજે રાત્રે ૮ વાગ્યે સાંસદ મયંક નાયક રાજકોટ આવી શહેર-જિલ્લા ભાજપ પ્રમુખના નામનું ખોલશે સસ્પેન્સ

રાજકોટ, તા. ૫

ગઈકાલે પ્રદેશ ભાજપ દ્વારા પાર્લામેન્ટરી બોર્ડ બેઠકમાં જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર સહિત ૬૬ નગરપાલિકાના પ્રમુખ તથા ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના ચેરમેનોની પસંદગી કરવામાં આવી હતી. છેલ્લા બે માસથી ગુજરાતમાં શહેર અને જિલ્લાના પ્રમુખોના નામ અંગે અનેકવિધ અટકળો ચાલી રહી છે. ભાજપે હાલ પ્રદેશ પ્રમુખ અને રાષ્ટ્રીય પ્રમુખના નામની જાહેરાત કરી નથી ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર આજથી હોળાષ્ટક બેસી જતા હોવાથી હવે ધુળેટી બાદ જ શહેર અને જિલ્લાના પ્રમુખોની યાદી પ્રસિદ્ધ કરશે તેવું હાલ સુત્રો જણાવી રહ્યા છે. તો બીજી તરફ એવી વાત પણ સામે આવી રહી છે કે આજે રાત્રે ૮ વાગ્યે સાંસદ મયંક નાયક રાજકોટ આવી શહેર-જિલ્લા પ્રમુખોના નામનું સસ્પેન્સ દૂર કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ સંગઠનમાં છેલ્લા ઘણા સમયથી અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે જેના કારણે હાલ મહાનગર અને જિલ્લા પ્રમુખોની યાદી પ્રસિદ્ધ થઈ શકતી નથી ત્યારે હવે સંગઠન નવરચનામાં જે ક્લસ્ટર નિયુક્ત કરવામાં આવ્યા છે તેઓને પણ અવગત કરાવી દેવા છે. ભાજપના સંગઠનમાં પ્રદેશ પ્રમુખની નિયુક્તિ હવે હોળાષ્ટક પછી થઈ શકે છે તો રાષ્ટ્રીય પ્રમુખની પસંદગી તા.૨૧થી૨૩ માર્ચના રાષ્ટ્રીય સ્વયંમસેવક સંઘની બેંગલુરુમાં મળનારી પ્રતિબંધ સભાની બેઠક પુર્વે નિશ્ચિત થઈ શકશે. તા.૧૪ માર્ચ સુધીમાં રાજયોને તેની સંગઠન નવરચના પુરી કરવાના આદેશ અપાયા છે અને હોળાષ્ટક પણ તે દિવસે જ પુરા થશે. આમ ગુજરાતને ધુળેટીને દિને જ સારા સમાચાર મળી જશે. ભાજપને ગુજરાત સહિત છ રાજયોમાં સંગઠન પ્રક્રિયા પુરી કરવાની છે જેથી ૧૮ રાજયોમાં નવા સંગઠન મારફત રાષ્ટ્રીય પ્રમુખની ચુંટણી થશે. રાજયમાં હવે યુદ્ધ સ્તરે આ કામગીરી કરવા જણાવાયુ છે. પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ પ્રદેશથી લઈ રાષ્ટ્રીય સ્તરે ૬૦થી૭૦% નવા ચહેરા હશે.



બીજી તરફ રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકાઓના હોદ્દેદારોની નિમણૂક કરી દેવામાં આવી છે જેમાં પાંચમાંથી ચાર બેઠકો પર મહિલા ઉમેદવારોને તક આપવામાં આવી છે જેમાં ઉપલેટામાં વર્ષાબેન ગજેરા, ધોરાજીમાં સંગીતાબેન બારોટ, ભાયાવદરમાં રેખાબેન સોણજીયા તથા જેતપુરમાં મેનાબેન ઉસદડિયાની નિમણૂક કરવામાં આવી છે જ્યારે જસદણમાં પ્રમુખ પદે જીતેન્દ્ર છાયાણીને જવાબદારી સોંપાય છે. જ્યારે કાલાવડમાં પ્રમુખ તરીકે રંજનબેન રાખોલીયા ઉપપ્રમુખ પદે દયાબેન ઝાપડાને જવાબદારી સોંપવામાં આવી.

### જૂનાગઢ મહાનગરપાલિકા

મેયર ધર્મેશ પોશીયા
ડેપ્યુટી મેયર આકાશ કટારા
સ્ટેન્ડિંગ ચેરમેન પલ્લવીબેન ઠાકર
શાસક પક્ષના નેતા મનન અભાણી

### જૂનાગઢ જિલ્લો

બાંટવા નગરપાલિકા
પ્રમુખ સુનિલ જેઠવાણી
ઉપપ્રમુખ રામ ગરચર

### વિસાવદર નગરપાલિકા

પ્રમુખ દયા સોલંકી
ઉપપ્રમુખ રમેશ માંગરોળિયા

### માણાવદર નગરપાલિકા

પ્રમુખ જિતેન્દ્ પનારા
ઉપપ્રમુખ ભારતીબા ચુડાસમા
ચોરવાડ નગરપાલિકા
પ્રમુખ બેના ચુડાસમા
ઉપપ્રમુખ દિલીપ શાહ

### વંથલી નગરપાલિકા

પ્રમુખ રાકેશ ત્રાંબડીયા
ઉપપ્રમુખ હુસેના સોઢા

### બોટાદ નગરપાલિકા

પ્રમુખ ધર્મિષ્ઠા જોટાણીયા
ઉપપ્રમુખ નિરુ ત્રાસડિયા
કારોબારી ચેરમેન જયશ્રીબેન

### ગઢડા નગરપાલિકા

પ્રમુખ હિતેષ પટેલ
ઉપપ્રમુખ સુરેશ મેર

### ગીર-સોમનાથ જિલ્લો

કોડીનાર નગરપાલિકા
પ્રમુખ આબીદા ખાતુન નકવી
ઉપપ્રમુખ પ્રતાપભાઈ ઉર્ફે શીવા સોલંકી
કારોબારી અધ્યક્ષ વિવેક મેર

### કચ્છ જિલ્લો

રાપર નગરપાલિકા
પ્રમુખ ચાંદ ઠક્કર
ઉપપ્રમુખ બબી સોલંકી
ભચાઉ નગરપાલિકા
પ્રમુખ પેથા રાઠોડ
ઉપપ્રમુખ ચંપા ગોઠી

### દેવભૂમિ દ્વારકા જિલ્લો

દ્વારકા નગરપાલિકા
પ્રમુખ કોમલ ડાભી
ઉપપ્રમુખ સંજય માણેક
કારોબારી ચેરમેન પરેશ જાખરીયા

### સુરેન્દ્રનગર જિલ્લો

થાન નગરપાલિકા
પ્રમુખ પ્રદ્યુમનસિંહ રાણા
ઉપપ્રમુખ રાજુ અલગોતર

### અમરેલી જિલ્લો

રાજુલા નગરપાલિકા
પ્રમુખ જ્યોતિ દવે
ઉપપ્રમુખ ઘનશ્યામ વાઘ

### જાફરાબાદ નગરપાલિકા

પ્રમુખ રવિના બારૈયા
ઉપપ્રમુખ નીરવ ઠાકર

### ચલાલા નગરપાલિકા

પ્રમુખ નયના વાળા
ઉપપ્રમુખ પ્રવિણ માલવિયા
લાઠી નગરપાલિકા
પ્રમુખ દયા જમોડ
ઉપપ્રમુખ બાબુ ધોળાકિયા
પોરબંદર જિલ્લો

### કુતિયાણા નગરપાલિકા

પ્રમુખ શાંતિબેન
ઉપપ્રમુખ કાના જાડેજા

### રાણાવાવ નગરપાલિકા

પ્રમુખ ગીતા ભુતિયા
ઉપપ્રમુખ રમા પીપરોતર

### જામનગર જિલ્લો

જામજોધપુર નગરપાલિકા
પ્રમુખ કંચન ગોસ્વામી
ઉપપ્રમુખ દિલીપ જાવિયા

### કાલાવડ નગરપાલિકા

પ્રમુખ રંજન રાખોલિયા
ઉપપ્રમુખ દયા ઝાપડા

### જામજોધપુર નગરપાલિકા

પ્રમુખ કંચન ગોસ્વામી
ઉપપ્રમુખ દિલીપ જાવિયા

### કાલાવડ નગરપાલિકા

પ્રમુખ રંજન રાખોલિયા
ઉપપ્રમુખ દયા ઝાપડા

### મોરબી જિલ્લો

વાંકાનેર નગરપાલિકા
પ્રમુખ ડીમ્પલ સોલંકી
ઉપપ્રમુખ હર્ષિત સોમાણી

### હળવદ નગરપાલિકા

પ્રમુખ ફોરમ રાવલ
ઉપપ્રમુખ સતિષ પટેલ

# ન્યારીમાં સૌની યોજનાનું પાણી ઠલવાયું

## એપ્રિલ અને મે મહિનામાં કેનાલનું મેન્ટેનન્સ કામ ચાલુ થતું હોવાથી હાલ ન્યારીને પણ સૌનીથી ભરવા તખતો કરાયો તૈયાર

રાજકોટ, તા. ૫

સૌની યોજના મારફતે રાજકોટની જીવાદોરી સમાન આજીડેમ ભરવામાં આવે છે ત્યારે ન્યારી ડેમને પણ પાણીની અછતનો સામનો ન કરવો પડે ત્યારે ફરી એક વખત રજૂઆત કરવામાં આવી છે કે ન્યારીને પણ સૌનીથી ભરવામાં આવે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ એપ્રિલ મહિનાથી સૌરાષ્ટ્રમાં સૌની યોજના ન પાણી નહીં મળે કારણ કે હાલ નર્મદા કેનાલનું મેન્ટેનન્સ કરવાનું હોવાથી આ અંગે નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે મહાનગરપાલિકા અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ઈલેક્શનનું વર્ષ હોવાથી પ્રજાને કોઈપણ પ્રકારની હાલાકી નો સામનો ન કરવો પડે તે માટે અત્યારથી જ બંને જીવા દોરી સમાન ડેમોને સૌની યોજના મારફતે ભરવામાં આવે તે માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ બેડી ખાતે જે પાઈપલાઈન મૂકવામાં આવી છે તેના મારફતે ૧૩૫ એમ. એલ. ડી પાણી અન્ય કોઈ પણ વૈકલ્પિક રીતે ચાલુ રહે તે માટે સરકાર સમક્ષ રજૂઆત પણ કરવામાં આવી છે.

ત્રણ દિવસથી આજી-૧ ડેમમાં તો સૌની યોજનાનું પાણી ઠલવવાનું શરૂ થઇ ગયું છે. તેવામાં હવે આજથી ન્યારી-૧ ડેમ માટે પણ પમ્પીંગ શરૂ કરાતા ન્યારીમાં પણ સૌનીનું પાણી શરૂ થઇ જાય તેવા નિર્દેશ છે.

સરકાર એપ્રિલ અને મેમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આવતી સૌની યોજનાની કેનાલ બંધ કરવાની છે. બે મહિનાથી અન્ય વિકલ્પોની તૈયારી ચાલી રહી છે. એપ્રિલમાં ઉનાળો ધગધગવા લાગ્યો હશે ત્યારે પાણીની કોઇ મુશ્કેલી ન પડે તે માટે આયોજન ચાલુ છે. સરકારે એડવાન્સમાં આજી અને ન્યારી-૧ ડેમમાં સૌની યોજનાનું પાણી ઠલવવાનું શરૂ તો કરી દીધુ છે.



પરંતુ વર્ષોથી પાઈપલાઈન મારફત બેડી ખાતે આવતું નર્મદા યોજનાનું ૩૩ ટકા જેટલું પાણી બંધ થાય એટલે મુશ્કેલી પડે તેમ છે. બેડી ખાતેથી ઈસ્ટ ઝોન અને નવા ભળેલા તથા ન્યારા હેઠળ આવતા વિસ્તારોને પાણી પહોંચાડવામાં આવે છે. અન્ય વિસ્તારોને ડેમો મારફત પાણીની સપ્લાયની વ્યવસ્થા ગોઠવાયેલી છે. ડેમો તો સરકાર છલોછલ ભરી દેશે, પરંતુ પાઈપલાઈન મારફત આવતું આ પાણી બંધ થાય તો મુશ્કેલી થવા ચિંતા છે. આથી આટલો જથ્થો અન્ય કોઇ પણ રસ્તેથી રાજકોટને ચાલુ રહે તે અનિવાર્ય છે.

યોજાયેલી બેઠકમાં મહાનગરપાલિકાના સત્તાધીશોએ પાણીની હાલની અને એપ્રિલ માસની સંભવિત સ્થિતિનો રિપોર્ટ રજૂ કર્યો હતો જે બાદ સરકારને રૂબરૂ માહિતગાર કરવા નિર્ણય પણ લેવામાં આવ્યો હાલ આજીડેમમાં પાણી સૌની યોજના મારફતે ઠાલવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે ત્યારે ન્યારી ડેમમાં પણ એક પંપ ચાલુ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ સરકારનું માનવું છે કે આજે અને ન્યારી ડેમ એપ્રિલ માસ પૂર્વે જ ભરાઈ જાય તો ઉનાળામાં અન્ય કોઈ પ્રશ્ન ઊભો ન થાય

### પિત્રાઇ બહેન પારસની સગાઇ મૃતક વર્ષાબેને સોખડાના પ્રકાશ સાથે કરાવી હતીઃ પણ બહેને ભાગીને બીજા સાથે લગ્ન કરી લેતાં પ્રકાશ તેણીને શોધવાનું કહી હેરાન કરતો હતો

# એસિડ એટેક જીવલેણ નિવડ્યોઃ દાઝેલી મહિલાએ દમ તોડ્યો

**પ્રકાશ વારંવાર ઘરે આવીને કહેતો કે મને પારસનું સરનામુ આપી દોઃ વર્ષાબેને સરનામુ ન દેતાં એક મહિના પહેલા તેના પર સ્ટીલની બરણીમાં ભરેલુ એસિડ છાંટી દીધુ : સોખડાની ઘટનામાં કુવાડવા પોલીસે આરોપીને દબોચ્યો**



રાજકોટઃ શહેરના કુવાડવા રોડ પર આવેલા સોખડા ગામમાં રહેતાં મહિલા પર એક મહિના પહેલા તેની પિત્રાઇ બહેનના મંગેતરે સ્ટીલની બરણીમાં ભરેલુ એસિડ છાંટી ગંભીર રીતે દઝાડી દીધા હતાં. એસિડ એટેકમાં દાઝેલા આ મહિલાએ સારવાર દરમિયાન દમ તોડી દેતાં બનાવ હત્યામાં પરિણમતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વર્ષાબેન નામની મહિલાએ પોતાના સગા કાકાની દિકરી પારસબેનની સગાઇ એક વર્ષ પહેલા સોખડાના પોતાની જ્ઞાતિના પ્રકાશ સરવૈયા સાથે કરાવી હતી. પણ સગાઇના બે મહિના બાદ પારસબેને ભાગીને બીજા છોકરા સાથે લગ્ન કરી લીધા હતાં. આ કારણે તેણીનો મંગેતર પ્રકાશ રોષે ભરાયો હતો અને અવાર-નવાર વર્ષાબેનના ઘરે જઇ પોતાની મંગેતર પારસને શોધી દેવાનું કહી માથાકુટ કરતો હતો, છેલ્લે તેણે એસિડ એટેક કર્યો હતો.

આ કરૂણ અને ચકચારી બનાવની વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પોલીસે જેમના પર એસિડ એટેક થયો તે સોખડા ગામે રહેતાં ચોત્રીસ વર્ષના વર્ષાબેન માધવભાઇ ગોરીયાની ફરિયાદ પરથી તેની પિત્રાઇ બહેનના મંગેતર સોખડા ગામના જ પ્રકાશ પ્રવિણભાઇ સરવૈયા વિરૂધ્ધ બીએનએસની કલમ ૧૨૪ (૧), ૩૨૩ મુજબ વર્ષાબેન પર સ્ટીલની બરણીમાંથી એસિડ ફેંકી મોઢા, છાતી અને સાથળ તથા વાંસાના ભાગે દઝાડી ગંભીર ઇજા પહોંચાડ્યાનો ગુનો નોંધી તેને સકંજામાં લીધો હતો. હવે વર્ષાબેનનું મૃત્યુ થતાં હત્યાની કલમ પોસ્ટમોર્ટમ બાદ ઉમેરવા કાર્યવાહી થશે. એસિડ હુમલામાં દાઝી ગયેલા વર્ષાબેનને કુવાડવા રોડ પરની ગોકુલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. ત્યાંથી અન્ય હોસ્પિટલમાં અને છેલ્લે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જ્યાં બુધવારે બપોર મૃત્યુ થયું હતું.

વર્ષાબેન જે તે વખતે સારવારમાં હતાં ત્યારે તેણીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે હતું કે હું પરિવાર સાથે રહુ છું. મારા પતિ માધવભાઇ ચોથાભાઇ ગોરીયા ખેત મજુરી કરે છે. મારે બે સંતાન છે. મારુ માવતર વાંકાનેરના કોઠારીયાનું જડેશ્વર છે. મારા સગા કાકા જેરામભાઈ મનજીભાઇ મવકાણાની દિકરી પારસબેનની સગાઇ અમારા સોખડા ગામના અને અમારી જ જ્ઞાતિના પ્રકાશ પ્રવિણભાઇ સરવૈયા સાથે એક વર્ષ પહેલા થઇ હતી. આ સગપણ કરાવવામાં હું વચ્ચે રહી હતી. જો કે આ સગાઇ થયાના બે મહિના બાદ જ મારી બહેન પારસબેન બીજા કોઇ છોકરાને પ્રેમ કરતી હોઇ તેની સાથે પ્રેમલગ્ન કરીને જતી રહી હતી.

ત્યારપછી તેણીનો મંગેતર પ્રકાશ અવાર-નવાર મારી પાસે આવીને કહેતો હતો કે-પારસ ક્યાં છે તે તમને ખબર છે છતાં તમે મને કહેતા નથી, પારસને શા માટે તમે શોધી લાવતા નથી, તમારે ન જવું હોય તેને લેવા તો મને સરનામુ આપો, હું તેને શોધી લાવીશ તેમ કહેતો હતો. પણ હું તેને કહેતી કે પારસે બીજા છોકરા સાથે લગ્ન કરી લીધા છે તો તમે તેને શોધીને શું કરશો? આથી તે જતો રહેતો હતો. દરમિયાન ૨૨/૧ના સાંજે હું ઘરે હતી ત્યારે પ્રકાશ સરવૈયા મારી ઘરે આવ્યો હતો.

આ વખતે તેના હાથમાં સ્ટીલની બરણી હત. હું કંઇ પુછુ એ પહેલા તેણે મને કહેલુ કે-તમે પારસને કેમ શોધી લાવતા નથી, ક્યાં ગઇ છે પારસ? કેમ તેનું સરનામુ આપતાં નથી? તેમ કહેતાં મેં ફરીથી તેને અગાઉની જેમ જ કહેલુ કે મારી બહેન પારસે હવે બીજા લગ્ન કરી લીધા છે, એને શોધવાનો કોઇ ફાયદો નથી.

વર્ષાબેને આગળ કહેલું કે મારી આ વાત સાંભળી પ્રકાશ ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાની પાસેની સ્ટીલની બરણીનું ઢાંકણુ ખોલી અંદર રહેલુ એસિડ મારા પર ઉડાડતાં મને બળતરા થવા માંડી હતી. ગંધને કારણે મને ખબર પડી હતી કે આ પ્રવાહી એસિડ હતું.

મેં દેકારો બોલાવતાં તે ભાગી ગયો હતો. એ દરમિયાન મારા પડોશીઓ, મારા કુટુંબીઓ દોડી આવ્યા હતાં. મને ખુબ બળતરા થતી હોઇ અને મોઢા, છાતી, પેટ, વાંસા, પગના ભાગે હું દાઝી ગઇ હોઇ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. વર્ષાબેને વધુમાં કહ્યું હતું કે-મારી કાકાની દિકરી બહેનની સગાઇ મેં પ્રકાશ સરવૈયા સાથે કરાવી હતી. પણ એ પછી મારી બહેન પારસે ભાગીને કોઠારીયાના રાહુલ દિલીપભાઇ સાથે લગ્ન કરી લીધા હતાં.

આમ છતાં પ્રકાશ મારી પાસે આવીને કહેતો હતો કે તમને પારસને શોધવા જતા નથી અને ક્યાં છે તે તમે જાણો છો છતાં કહેતાં નથી તેવી શંકા કરતો હતો. છેલ્લે તેણે બરણીમાં એસિડ ભરી મારા ઘરે આવી ફરીથી પારસ વિશે પુછી મારા પર એસિડ છાંટ્યુ હતું અને દઝાડી દીધી હતી.

ઉપરોક્ત તમામ હકિકત વર્ષાબેને પોતે સારવારમાં હતાં ત્યારે જણાવી હતી. તેના આધારે કુવાડવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર બી. પી. રજયા, પીએસઆઇ એમ. જે. વરૂ, અજીતભાઇ લોખીલ સહિતની ટીમે વર્ષાબેનની ફરિયાદને આધારે ગુનો નોંધી આરોપી પ્રકાશ સરવૈયાને ઝડપી લીધો હતો.

તે જેલહવાલે થયો હતો. વર્ષાબેનનું મૃત્યુ થતાં પોસ્ટમોર્ટમ બાદ પોલીસ હત્યાની કલમનો ઉમેરો કરવા તજવીજ થશે. આ બનાવથી પરિવારજનો અને સોખડા ગામમાં અરેરાટી વ્યાપી ગઇ છે.